RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 193* Date: 11.05.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૭૭ પોઝિટિવ કેસ સાથે આંકડો ૬૩ હજારને પાર

# લૉકડાઉન છતાં દેશમાં કોરોના બેકાબૂ: વધુ ૧૨૮ના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૦*

વૈશ્વિક મહામારી કોરોનાને રોકવા સમગ્ર ભારત લોકડાઉન-૩ હેઠળ ઘરમાં કેદ છે. તેમ છતાં લોકલ સંક્રમિતને કારણે દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા શનિવારે ૬૩,૦૦૦ને પાર પહોંચી હતી, જયારે આ મહામારીના કારણે મરનારા લોકોની સંખ્યા ૨,૧૦૯ થઈ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પોતાના દૈનિક અપડેટમાં જણાવ્યું કે, ગત ૨૪ કલાક દરમિયાન કોરોના મહામારીથી વધુ ૧૨૭ મોત થયા બાદ કુલ મૃતકોની સંખ્યા ૨,૧૦૯ થઈ છે, જયારે ચેપીરોગ સંક્રમણના ૩,૨૭૭ નવા કેસ સામે આવ્યાં છે. દરમ્યાનમાં ભારતમાં મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને દિલ્હીમાં મોટા પ્રમાણમાં પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ કેન્દ્રીય ટીમો વધુ કોવિડ -૧૯ કેસવાળા ૧૦ રાજયોની મુલાકાત કરશે. દેશમાં ૬૩,૩૪૭ કોરોના સંક્રમિત છે. રવિવારે દિલ્હીમાં ૩૮૧, આંધ્ર પ્રદેશમાં ૫૦, રાજસ્થાનમાં ૩૩ અને બિહારમાં ૧૮ કેસ સામે આવ્યા છે. આ અગાઉ શનિવારે કોરોનાના ૨૯૫૧ દર્દી વધ્યા હતા. સરકારે કહ્યું હતું કે, ૧૦ રાજય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. મહારાષ્ટ્રમાં સીઆઈએસએફના એક સાથે ૧૮ જવાનો પોઝિટિવ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો.

આરોગ્ય મંત્રાલય ૧૦ રાજયોમાં વધતા કોરોના વાઈરસ કેસ માટે સાથે સેન્ટ્રલ ટીમો મોકલશે. આ ટીમો રાજયના આરોગ્ય વિભાગોને રાજયમાં



અસરગ્રસ્ત વિસ્તારોમાં નિયંત્રણના પગલાં અમલમાં મૂકવામાં મદદ કરશે. આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારી, સંયુક્ત સચિવ કક્ષાના નોડલ અધિકારી અને જાહેર આરોગ્ય નિષ્ણાતની બનેલી ટીમો ગુજરાત, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને તેલંગાણા માટે રવાના કરશે. COVID-19 માટે તાજેતરમાં એક ઉચ્ચ સ્તરીય ટીમને મુંબઈ મોકલવામાં આવી છે.

એર ઈન્ડિયાના ૫ પાયલોટ કોરોના પોઝિટિવ મળ્યા છે. તાજેતરમાં જ તેઓ કાર્ગો ફ્લાઈટ્સ લઈ ચીન ગયા હતા. કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે પાંચેય પાયલોટમાં કોઈ લક્ષણ નજર નથી આવ્યા. અત્યારે તેઓ મુંબઈમાં છે. ઉડ્ડયન ભરવાના ૭૨ કલાક અગાઉ તેમનું પ્રી-ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યો

છેલ્લા એક સપ્તાહમાં આ સૌથી ઓછા કેસ હતા. ૨ મેના રોજ ૨,૫૬૪ કેસ આવ્યા હતા. ૧૪,૧૪ દર્દીના આરોગ્ય સારું થઈ ગયું છે. બીજી બાજુ સૌથી વધારે દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ અગાઉ ૭ મેના રોજ ૧,૪૭૫ દર્દીને સારું થયું હતુ. ગઈકાલે મહારાષ્ટ્રમાં ૧,૧૬૫, ગુજરાતમાં ૩૯૪, મધ્ય પ્રદેશમાં ૧૧૬, તમિલનાડુમાં ૫૨૬, ઉત્તર પ્રદેશમાં ૧૫૯, રાજસ્થાનમાં ૧૨૯ પશ્ચિમ બંગાળમાં ૧૦૮, પંજાબમાં ૩૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતા.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૬૨ હજાર ૯૩૯ સંક્રમિત દર્દી છે. ૪૧ હજાર ૪૭૨ દર્દીનો ઈલાજ ચાલી રહ્યો છે. ૧૯ હજાર ૩૫૭ દર્દીને સારું થઈ ગયું છે, જયારે ૧,૯૮૨ દર્દીના મોત થયા છે.

દરમ્યાનમાં, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને કહ્યું કે, કોવિડ-૧૯ની તપાસ વધારીને પ્રતિદિન લગભગ ૯૫,૦૦૦ કરવામાં આવી છે, જયારે ૩૩૨ સરકારી સ્કૂલ અને ૧૨૧ ખાનગી લેબમાં અત્યાર સુધી ૧૫ લાખથી વધુ નમૂનાની તપાસ કરવામાં આવી છે.થોડા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં અવાર-નવાર મોટી સંખ્યામાં નવા કેસ સામે આવી રહ્યા છે. કેરલ અને પૂર્વોત્તર સહિત થોડા નાના રાજયોમાં સંક્રમણની સંખ્યા ખૂબ ઓછી થઈ છે.કેરળમાં દરેક રવિવારે લોકડાઉન સન્ડે જાહેર કરાયો છે. કોરોના સંક્રમણને અટકાવવા તેમ જ પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે કેરળમાં આજથી દરેક રવિવારે ટોટલ લોકડાઉન રહેશે. સરકારે શનિવારે આ આદેશ જારી કર્યો હતો. જે અનુસાર આજે રવિવારે કેરલમાં સંપૂર્ણ બંધ જોવા મળ્યું હતું. સરકારે આવશ્યક સેવાઓને બાદ કરતા તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી પિનરઈ વિજયનના જણાવ્યા પ્રમાણે ૭ મેના રોજ ખાડી દેશોમાંથી આવેલા બે ભારતીયોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ પૈકી એક દુબઈથી કોઝીકોડ અને બીજી વ્યક્તિ અબુ ધાબીથી કોચિ આવ્યા હતા. રાજયમાં કોરોનાના દર્દીની સંખ્યા ૫૦૬ થઈ ગઈ છે

છેલ્લા એક સપ્તાહમાં આ સૌથી ઓછા કેસ હતા. ૨ મેના રોજ ૨,૫૬૪ કેસ આવ્યા હતા. ૧૪,૧૪ દર્દીના આરોગ્ય સારું થઈ ગયું છે. બીજી બાજુ સૌથી વધારે દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ અગાઉ ૭ મેના રોજ ૧,૪૭૫ દર્દી સાજા થયા હતા. ગઈકાલે મહારાષ્ટ્રમાં ૧,૧૬૫, ગુજરાતમાં ૩૯૪, મધ્ય પ્રદેશમાં ૧૧૬, તમિલનાડુમાં ૫૨૬, ઉત્તર પ્રદેશમાં ૧૫૯, રાજસ્થાનમાં ૧૨૯ પશ્ચિમ બંગાળમાં ૧૦૮, પંજાબમાં ૩૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતા.

લોકડાઉનમાં રાહત મળ્યા બાદ આસામના ગુવાહાટીમાં બ્રહ્મપુત્ર ઘાટ પરથી ફરી વખત બોટ સર્વિસ શરૂ કરવામાં આવી છે. જળ પરિવહન વિભાગના એક કર્મચારીએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે તમામ દિશા-નિર્દેશોનું પાલન કરવામાં આવી રહ્યું છે. માસ્ક લગાવ્યા વગર આવનારને ટિકિટ આપવામાં આવી રહી નથી.

---

તારીખ ૧૦-૦૫-૨૦૨૦

**ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં કોરોનાના 398 નવા કેસ**

**રાજ્યમાં કુલ કેસ 8195 થયા**

**છેલ્લા 24 કલાકમાં 21નાં મૃત્યુ**

**રાજ્યમાં આજે 454 દર્દીઓ ડિસ્ચાર્જ થયા : સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા 2545**

---

### લોકડાઉન અને ઝોનના મામલે ચર્ચા થઈ શકે

## આજે વડાપ્રધાન મોદી રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી બેઠક કરશે

*ન્યુ દિલ્હી,તા.૧૦*

કોરોના વાયરસના સંકટ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારના રોજ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે બપોરે ત્રણ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠક કરશે. આ બેઠકમાં લોકડાઉન મુદ્દે ચર્ચા થઈ શકે છે. વડાપ્રધાન કાર્યાલયે પોતના ટ્વિટર હેન્ડલ પર આ અંગે માહિતી આપતા લખ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે બપોરે ત્રણ વાગ્યે રાજયોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરશે. રાજયોના મુખ્યમંત્રીઓ સાથેની આ વડાપ્રધાનની પાંચમી બેઠક છે.

દેશમાં લાગુ કરવામાં આવેલા લોકડાઉન ૧૭ મેના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. એોમાં આ બેઠકને અત્યંત ખાસ માનવામાં આવી રહી છે. આ અગાઉ આજે કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ પણ તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને સ્વાસ્થ્ય સચિવો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક કરી હતી.

પ્રાપ્ય માહિતી અનુસાર રાજ્યોએ રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોન મામલે બનાવવામાં આવેલા



નિયમો પર વાંધો દર્શાવ્યો છે. રાજ્યોનું કહેવું છે કે પ્રવાસી મજૂરોના ગૃહ રાજયમાં પરત ફરવાથી જિલ્લામાં કોરોના વાયરસના મામલા વધી રહ્યા છે. જો આવું જ ચાલ્યા કરશે તો મોટા ભાગના જિલ્લાઓ રેડ ઝોનમાં આવી જશે. તેથી કાલની બેઠકમાં આ મુદ્દા પર પણ ખાસ ચર્ચા થશે તેવું માનવામાં આવી રહ્યું છે.

---

## સ્ટેટ બેન્કે બે મહિનામાં ત્રીજી વાર એફડીના વ્યાજદર ઘટાડ્યા

*ન્યુ દિલ્હી,તા.૧૦*

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ત્રણ વર્ષ સુધીની મુદતની ફિક્સ્ડ ડિપોઝિટો પરના વ્યાજદરમાં ૨૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. આ નવા જીૈ ફિકસ્ડ ડિપોઝિટો (FD)ના વ્યાજદરો ૧૨ મેથી અમલમાં આવશે. જોકે બેંક્રે ત્રણથી ૧૦ વર્ષ સુધીની ટર્મ ડિપોઝિટોના વ્યાજદર યથાવત્ રાખ્યા છે. જીૈએ ત્રણ વર્ષ સુધીની મુદતની રિટેલ ટર્મ ડિપોઝિટો પરના વ્યાજદરમાં ૨૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે, કેમ કે સિસ્ટમમાં અને બેંકમાં વધારાની લિક્વિડિટી (તરલતા) જળવાઈ રહે. પ્રસ્તાવિત નવા વ્યાજના દર નવી ફિક્સ્ડ ડિપોઝિટો અને પાકતી ડિપોઝિટો પર લાગુ પડશે.

સ્ટેટ બેંક્રે સિનિયર સિટિઝનો માટે બધી મુદતની ડિપોઝિટો પર વધારાનું ૫૦ બેઝિસ પોઈન્ટ વ્યાજદર ઓફર કરી છે.

સ્ટેટ બેંક્રે સિનિયર સિટિઝન માટે ઊંચા વ્યાદરવાળી સ્પેશિયલ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ 'SBI Wecare Deposit' પણ રજૂ કરી છે. આ યોજના હેઠળ બેંક સિનિયર સિટિઝનોને પાંચ વર્ષ અને એની ઉપરની મુદત માટે વધારાના ૩૦ બેઝિસ પોઈન્ટનો વ્યાજદર ઓફર કરે છે.બેંક્રે ૨૮ માર્ચ, ૨૦૨૦એ પણ ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજદરમાં ૨૦-૫૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ પહેલાં ૧૦ માર્ચે જ બેંક્રે ફિક્સ્ડ ડિપોઝિટો પરના વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો.

---

## ૬ દિવસમાં ભારતમાં કોરોના બેકાબૂ: ૪૦ હજારથી ૬૦ હજાર થયા દર્દી

*ન્યુ દિલ્હી,તા.૧૦*

ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો નોંધવામાં આવી રહ્યો છે. સતત ચોથા દિવસે પણ કોરોના સંક્રમિત નવા દર્દીઓની સંખ્યા ૩૦૦૦ની પાર રહી. નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬૦ હજારને પાર થઈ ગઈ છે. નોંધનીય છે કે ૩ મે સુધી કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૦ હજારની આસપાસ હતી. જયારે માત્ર ૬ દિવસની અંદર જ આ આંકડો ૬૦ હજારને પાર પહોંચી ગયો. સૌથી ખરાબ સ્તિતિ મહારાષ્ટ્રની છે. જયાં હવે કેસ ચાર ડિજીટમાં મળવા લાગ્યા છે. આપને જણાવી દઈએ કે હવે આખા દેશમાં લોકડાઉન જે ૧૭મી મે સુધી છે.

કોરોના વાયરસથી અત્યાર સુધી ૨૦૦૦ લોકો જીવ ગુમાવી ચૂકયા છે. શનિવારના રોજ મૃતકોની સંખ્યા અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા હતા. શનિવારે કુલ ૩૧૭૧ નવા કેસ સામે આવ્યા હતા. ત્યારબાદ કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા ૬૨૯૧૫ થઈ ગઈ છે. જો કે ગ્રોથ રેટ ઘટવાનો શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો ભારતમાં ૧૧૩ લોકોનાં મોત કોરોના સંક્રમણના કારણે થયા છે.મહારાષ્ટ્રમાં ફરી એકવાર કોરોના વાયરસથી મરનારા લોકોની સંખ્યામાં વધારો નોંધાયો છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮ લોકોનાં મોતના મામલા સામે આવ્યા જેમાંથી ૨૭ માત્ર મુંબઈમાં હતા. શનિવારે થયેલા કોરોના દર્દીઓના મોતમાં ૪૨ ટકા મોત એકલા મહારાષ્ટ્રમાં થયા છે.

ગુજરાતની સ્થિતિ પણ ઘણી ખરાબ દેખાઈ રહી છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩ લોકોનાં મોત થયા છે જ્યારે ૩૯૪ નવા કેસ સામે આવ્યા છે. નવા કેસ મળ્યા બાદ ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૭૯૭ થઈ ગઈ છે.

નોંધનીય છે કે, મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોનાથી મરનારા લોકોની સંખ્યા બીજા નંબરે છે. અહીં અત્યાર સુધી ૪૭૨ લોકોએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર અમદાવાદમાં ૨૮૦ નવા કેસ નોંધાયા છે અને ૨૦ લોકોનાં મોત થયા છે.

---

## લૉકડાઉન બાદ ઉદ્યોગો શરૂ કરવા ગૃહમંત્રાલયે દિશા-નિર્દેશ જાહેર કર્યા

*ન્યુ દિલ્હી,તા.૧૦*

કોરોના વાયરસના કારણે હાલ દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મેના રોજ પૂરો થશે. આ પહેલા આજે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીઝને ફરીથી શરૂ કરવા માટે દિશા નિર્દેશ જાહેર કર્યા છે.ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા દિશા નિર્દેશમાં કહેવામાં આવ્યું છે, ઉદ્યોગો ફરીથી શરૂ કરતી વખતે પ્રથમ સપ્તાહને ટ્રાયલ તરીકે જોવામાં આવશે. આ દરમિયાન તમામ પ્રકારની સુરક્ષા અને પ્રોટોકોલનું પાલન કરવું પડશે. થોડા સમય માટે ઉત્પાદનનો વધારે લક્ષ્યાંક હાંસલ કરવાનો પ્રયત્ન ન કરવામાં આવે તેમ પણ કહેવામાં આવ્યું છે.તમામ મશીનોને સમયાંતરે સેફ્ટી નોર્મ્સ પ્રમાણે નિરીક્ષણ કરવામાં આવશે. જે ફેક્ટરીમાં કોઈ ટેકનીકલી સમસ્યા હોય તો જિલ્લા મેજિસ્ટ્રેટનો સંપર્ક કરવો પડશે.

વિશેષ ઉદ્યોગો માટેના દિશા નિર્દેશમાં જણાવવામાં આવ્યું છે કે, લોકડાઉન દરમિયાન કાચો માલ ખરાબ થઈ ગયો છે કે નહીં તે ચકાસવામાં આવે. સ્ટોરેજ એરિયામાં પ્રકાશ અને હવા આવવા જવાની પૂરતી વ્યવસ્થા છે કે નહીં તે ચેક કરવામાં આવે.ફેક્ટરી ચાલુ કરતા પહેલા પરિસરનું સેફ્ટી ઓડિટ કરવામાં આવે, તમામ પાઈપ, ઉપકરણ યોગ્ય રીતે કામ કરી રહ્યા છે કે નહીં તે જોવામાં આવે. બોયલરનો ઉપયોગ કરતા પહેલા ચેક કરવામાં આવે.

---

### નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતનું નિવેદન

## 'આરોગ્ય સેતુ' એપથી કોરોના વાઈરસના નવા ઉભરતા ૩૦૦ નવા હોટસ્પોટની જાણકારી મળી

*ન્યુ દિલ્હી,તા.૧૦*

કોરોના વાઈરસ મહાબીમારીના સંકટનો સામનો કરવામાં મદદરૂપ થવા માટે નરેન્દ્ર મોદી સરકારે 'આરોગ્ય સેતુ' એપ્લિકેશન તૈયાર કરી છે. નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે કહ્યું છે કે આ એપની મદદથી દેશભરમાં કોરોના વાઈરસના નવા ઉભરતા ૩૦૦ હોટસ્પોટ્સની જાણકારી મળી છે.

કાંતે કહ્યું કે, 'આરોગ્ય સેતુ' એપ ન હોત તો આ ૩૦૦ હોટસ્પોટ્સ પકડમાં આવી શક્યા ન હોત. આ એપ્લિકેશને સત્તાવાળાઓને દેશભરમાં કોરોનાના ૬૫૦ હોટસ્પોટ્સ અને ૩૦૦ નવા ઉભરતા હોટસ્પોટ્સની જાણકારી આપીને એલર્ટ કરી દીધા છે.

અહેવાલ મુજબ, અમિતાભ કાંતે કહ્યું કે મહારાષ્ટ્રમાં આરોગ્ય એપે ૧૮ જિલ્લાઓમાં ૬૦ હોટસ્પોટ્સનો પતો લગાવ્યો છે. દેશભરમાં, ૧૩-૨૦ એપ્રિલ વચ્ચે ૧૩૦ હોટસ્પોટ્સની ઓળખ કરી હતી. બાદમાં, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ અનુમાનિત હોટસ્પોટ્સને વાસ્તવિક હોટસ્પોટ્સ તરીકે ઘોષિત કર્યા હતા.

કાંતે કહ્યું કે, 'આરોગ્ય સેતુ' એપ ડાઉનલોડ કરનારાઓમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૨,૫૦૦ જણ કોરોના પોઝિટીવ હોવાનું માલૂમ પડ્યું છે. 'આરોગ્ય સેતુ' દુનિયાના કોઈ પણ અન્ય ટેસ્ટિંગ પ્લેટફોર્મ કરતાં વધારે સારી છે.

અત્યાર સુધીમાં ૬ કરોડ ૯૦ લાખ લોકોએ 'આરોગ્ય સેતુ'થી પોતાના આરોગ્યની જાંચ કરાવી છે. આમાં ૩૪ લાક લોકોએ પોતાને બીમાર ઘોષિત કર્યા હતા, કારણ કે એમનામાં એક અથવા ત્રણથી વધારે લક્ષણ જોવા મળ્યા હતા. ૭૦ સ્વાસ્થ્યકર્મીઓની સમર્પિત ટીમ એવા સાડા છ લાખ લોકો સુધી પહોંચી છે જેમનામાં બે કે તેનાથી વધારે લક્ષણ જોવા મળ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# અમદાવાદને વુહાન કોણ બનાવશે..? કોરોના ખુદ ફરે છે કે અબુધો ફેરવી રહ્યા છે.....?

*વિશ્વભરમાં કોરોનાવાયરસ ૨.૭૮ લાખ જેટલા લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે જ્યારે કોરોના દર્દીઓની સંખ્યા ૪૨ લાખ થવા તરફ આગળ વધી રહી છે. આ બધા વચ્ચે કોરોના વાયરસ ફેલાવ બાબતનો દોષ ચીન ઉપર ઢોળવામાં આવ્યો છે તે સાથે વિશ્વના દેશો ભવિષ્યમા ચુનને એક તરફ હડસેલી દે તેવી સ્થિતી બનવાની સંભાવના વધી પડી છે. તે સાથે અગત્યના દેશો ચીનને દરેક ક્ષેત્રે ભીડવા માટે આયોજન કરવા તરફ આગળ વધી રહ્યા છે...ત્યારે ચીનને આ બાબતે અણસાર આવી જતા ચીને વિશ્વ સમક્ષ પોતાની ભૂલ એ રીતે સ્વીકારી છે કે કોરોના ફેલાવાનું કારણ જીવતા પ્રાણીઓનું વેચાણ થાય છે તે વુહાન માર્કેટ છે. ચીનમાં પ્રાણીઓ ખાવાનું ચલણ છે અને પ્રાણીઓનો ચેપ ખાનારના શરીરમાં ફેલાય છે... પરંતુ ચીને જીવતા પ્રાણી વેચાણ પર પ્રતિબંધ મૂકવાની કે વુહાન માર્કેટ બંધ કરવાની વાત નથી કરી... ચીન સતત વિવિધ વાયરસ બાબતે ત્યાની લેબોરેટરીમાં સંશોધન કરતુ રહે છે પણ દવાની જાણ વિશ્વને નથી કરતુ.....! અત્યારે કોરોનાએ રાક્ષસી રૂપ પકડ્યુ તેને લઈને વિશ્વના દેશો એક તરફ તેને હડસેલી દે તો....? આવું થાય તો ચીનનું અર્થતંત્ર ભાગી પડે અને ચીન બેહાલ થઈ જાય. આ ડરને લઈને ચીને કોરોના વાયરસ નાથવા સંશોધન કરાવ્યાનો દાવો કરેલ છે... જેમાં ૩ એન્ટીવાયરલ દવાનુ મિશ્રણ કરીને રસી બનાવી તેનો પ્રયોગ વાનર ઉપર કરતા તેમાં સફળતા મળી છે.... હવે આ દવાથી કોરોના દર્દીઓની સારવાર પણ શરૂ કરી છે. આ રીતે ચીને પ્રથમવાર વિશ્વના દેશોને આવા સમાચાર આપી ચીન ઉપર શંકા વ્યક્ત કરતા દેશોને વિશ્વાસ આપવાના પ્રયાસો શરૂ કરી દીધા છે..... હવે સમય બતાવશે કે વિશ્વના દેશો ભવિષ્યે ચીનને હાંસિયામાં ધકેલી દે છે કે પછી ×તેરી બી ચુપ મેરી બી ચુપ× નુ રૂપ ધારણ કરી લે છે....?*

*ભારતમાં કુલ કોરોના કેસો ૬૨,૫૨૦ ને પાર થવા લાગ્યા છે ત્યારે કુલ મૃતાક ૨૦૧૮ થી આગળ વધવા લાગ્યો છે અને આવા સમયે મુંબઈમાં કોરોનાની સારવાર બાદ સાજા થઈ ગયેલા પાંચ દર્દીના મોત થયાની જાણ થતાં મહારાષ્ટ્ર સરકારનુ આરોગ્ય તંત્ર ભારે વિમાસણમાં મુકાવા સાથે દોડતું થઈ ગયું છે..... કારણ કે એક માસ પહેલા હોસ્પિટલમાં આ ૫ મૃતક દર્દીઓની સારવાર થયા બાદ સાજા થતા રજા આપવામા આવી હતી અને એક માસ બાદ તેમના મૃત્યુ થયા છે.... મતલબ કોરોનાએ ઉથલો માર્યો હોય કે પછી નવા રૂપે બહાર આવ્યો હોય..... કેન્દ્ર સરકાર પણ હરકતમાં આવી ગઈ છે. ગુજરાતમાં કોરોના કેસ ૮૦૦૫ ને પાલ જવા લાગ્યો છે. આજ સુધીમાં ૪૭૬ મોત થયા છે. પરંતુ કોરોનાનો કહેર અમદાવાદ ઉપર વધુ વરસ્યો છે અને કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૬,૦૦૦ ની તરફ આગળ વધવા લાગ્યા છે... જ્યારે મૃતાક ૩૬૫ પર પહોંચી ગયો છે. પરંતુ ગંભીર બાબત એ છે કે છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૦ કોરોનાગ્રસ્તોના મૃત્યુ થયા છે. કેન્દ્રના આરોગ્ય તંત્રના માર્ગદર્શન અનુસાર રાજ્યમાં દરેક નિયમોનું પાલન કરવામાં આવ્યું છે.... છતાં પણ કોરોના સંક્રમિતોનો આક વધતો ચાલ્યો છે.... ત્યારે સરકાર માટે મોટી મુશ્કેલી એ રહી છે કે કોરોના વાયરસ નો સામનો કરવા સાથે અબુધો અને ના સમજોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. આવા સમયે ગુજરાતની ખાસ મુલાકાતે આવેલા એઈમ્સના નિર્દેશક રાજદિપ ગુલેરિયાએ કહ્યું હતું કે ગુજરાતમાં લોકો કોરોનાને કલંક ન સમજે અને સ્કીનિગ કરાવે તે જરૂરી છે. આવી ભૂલ પોતાના પરિવારને પણ મુશ્કેલીમાં મુકી દે છે. દરમિયાન આરોગ્ય તંત્રએ વધુ ૧૨ હોસ્પીટલો હસ્તગત કરવા સાથે હોટેલો અને વિદ્યાર્થી હોસ્ટેલોને હસ્તગત કરવા આગળ વધી રહ્યું છે.... જેનો મતલબ હવેનો તબક્કો ક આકરો હશે.....! કોરોના તેજ ગતિ પકડશે...જો કે કોરોના પોતે દોડતો નથી.... પરંતુ માણસ ખુદ તેને પણ ફેરવે છે એટલે વધુ લોકો કોરોના સંક્રમિત થતા રહે છે..... ત્યારે અબૂધો ફરવાનું બંધ કરે તો વાયરસનું ફરવાનું બંધ થઈ જશે.... ત્યારે જ કોરોના દર્દીઓ વધવાનું બંધ થઈ જશે.....જે એક સત્ય વાત છે પણ સમજાય તેને માટે..... અત્યારે તો ×હું માણસ થાઉ તો ઘણું× એ બાબત અબુધ-નાસમજુઓએ સમજવી જરૂરી છે.....!અમદાવાદ રેડ ઝોનમાં છે પણ મોટા ભાગના લોકો એવું માને છે કે ૫ કે ૧૦ મીનીટ બહાર જવાથી શું થશે.... આપણે તો તંદુરસ્ત છીએ..... આપણને કંઈ નહીં થાય... તેવી માનસિકતા... વળી મોટા ભાગના લોકો આજની પરિસ્થિતિને હસવામાં કાઢે છે કે હળવાશમા લે છે... આવા લોકો અમદાવાદને વુહાન બનાવી દેશે... તેમાં શંકા નથી.....! બીજી તરફ ર્ઈ્છાર્હુહ પાલન કરાવવા જતા અનેકો ના સમજુઓ પોલીસ પર પથ્થરમારો કરે છે...ભારે હોહા કરી નાખે છે જે યોગ્ય નથી.... અમદાવાદના મોટા ભાગના લોકો ઈચ્છી રહ્યા છે કે રેડ ઝોનમા કર્ફ્યુ નાખવો જરૂરી છે અને એ પણ દેખો ત્યા ઠાર કરવાના આદેશો સાથે... અને ત્યારે જ અમદાવાદ બીજુ વુહાન બનતું અટકશે. કોરોના કેસો વધતા જતા હોવાથી વધુ વધુ એક વાર લોકડાઉન લંબાવવું પડે તેવી સ્થિતી બની ગઈ છે.....! અને જો લંબાશે તો હવે પછી ૩ ના બદલે બે જ ઝોન રહેશે એક અમીરનો અને બીજો ગરીબનો..... મધ્યમવર્ગનું તમામ પૂરું થઈ જશે.....! સરકાર અનાજ સહીત આર્થિક સહાય આપે છે પરંતુ તેમાં ઘણી જ અધુરપ છે.....! લોકોના ર્ઈ્છાર્હુહ ને કારણે નોકરી, કામ- ધંધા, રોજગાર રહ્યા નથી,આવક બંધ છે,નાણા બચત વપરાઈ ગઈ છે.....ત્યારે અન્ય દેશો કે ભારતના કેટલાક રાજ્યો જે રીતે સહાય કરે છે તેમ કરવાની જરૂર છે.થાઈલેન્ડ તેના દરેક નાગરિકને છ માસ સુધી દર મહિને પાંચ હજાર આપે છે... તો મલેશિયા રૂપિયા ૮,૦૦૦ છ માસ સુધી તથા વીજળી માફ ત્યારે ભારતમાં રાજસ્થાન રાજ્ય સરકારે વીજળી, શિળિ ફી માફ કરી છે... તો ક વારે વીજળી બીલ માફ કર્યા છે ભારતમાં કેન્દ્ર સરકાર અમીરોના હજાર કરોડ માફ કરી શકે છે તો સાડી માંથી વીજળી બિલ વગેરે ગરીબ મધ્યમ વર્ગના કેમ માફ ન કરી શકે સકેજરીવાલે વિજળી બીલ માફ કર્યા છે. ત્યારે ગુજરાત સરકાર માફ કેમ કરતી નથી....? શુ સરકારનુ કોઈ હિત છે...?તેવા સવાલો લોકોમા ઉઠવા પામ્યા છે.... કેન્દ્ર સરકાલને નાણાંની જરૂર હોય તો સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરોના પગાર, ભથ્થા અને અન્ય સરકારી લાભો એક વર્ષ માટે બંધ કરી દો.... અને તમામ વર્ગના જરુરિયાતમંદ લોકોને જરૂરી સહાય કરો... જે સરકાર માટે સરળ અને ઉત્તમ રસ્તો છે. પરંતુ શું સરકાર ગરીબો, મજુરો, લોઅર મધ્યમ વર્ગની હિતેચ્છુ છે ખરી.....?! વંદે માતરમ્.*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૧/૦૫/૨૦૨૦, સોમવાર, વૈશાખ વદ-૪
સૂર્યોદય-૬-૧૧, સૂર્યાસ્ત-૭-૧૬, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૧૧થી અમૃત-૭-૪૮ સુધી, ૯-૨૭થી શુભ-૧૧-૦૫ સુધી, ૧૪-૨૨ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૩૮ સુધી, ૨૩-૨૨ થી લાભ-૨૪-૪૩ સુધી

**- શુભ હોરા-**
૬-૧૧થી ૭-૧૬ સુધી, ૮-૨૧થી ૯-૨૭ સુધી, ૧૧-૩૮થી ૧૪-૫૪ સુધી, ૧૬થી ૧૭-૦૬ સુધી

# કોરોનાની વેક્સિન બનાવવાની દિશામાં ભારતની આગેકૂચ, જાનવરો પર થશે ટ્રાયલ

*ન્યુ દિલ્હી,તા.૧૦*

સમગ્ર વિશ્વમાં કોરોનાના કારણે હાહાકાર મચેલો છે અને ભારતમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે આ બધા વચ્ચે ભારતે કોરોના વાયરસની વેક્સિન શોધવા મામલે એક મહત્વનું પગલું ભર્યુ છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના ખાત્મા માટે સમગ્ર વિશ્વમાં વેક્સિન શોધાઈ રહી છે અને ઈટાલી-ઈઝરાયલ જેવા દેશો કોવિડ-૧૯ની વેક્સિન બનાવવાનો દાવો કરી ચુક્યા છે.

ત્યારે હવે ભારત પણ કોરોના વાયરસની વેક્સિન બનાવવાની દિશામાં આગળ વધ્યું છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓઉ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) એ ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ સાથે મળીને દેશમાં જ કોવિડ-૧૯ માટેની વેક્સિન તૈયાર કરવાની દિશામાં કામ ચાલુ કર્યું છે.

બંને સાથે મળીને ભારતમાં જ કોરોના માટેની વેક્સિન તૈયાર થાય તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે. કોરોના વાયરસની વેક્સિન તૈયાર કરવા માટે પુણે ખાતેની લેબથી વાયરસ સ્ટ્રેનને ભારત બાયોટેક મોકલી આપવામાં આવ્યા છે.

જાણવા મળ્યા મુજબ જો વેક્સિન તૈયાર થઈ જશે તો સૌ પ્રથમ જાનવરો પર તેની ટ્રાયલ કરવામાં આવશે અને જાનવરો પરની ટ્રાયલ સફળ થયા બાદ તેનું હ્યુમન ટ્રાયલ શરૂ કરાશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને જણાવ્યું કે, ×વેક્સીનથી લઈને ડ્રગ્સનું સંશોધન, આયુષની દવાઓને સમર્થન વગેરે મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે જ નેતૃત્વ કરી રહ્યા છે.

### ભારતીય સેનાની ચાંપતી નજર

# પાકિસ્તાને બોર્ડર પર પેટ્રોલિંગ માટે એફ-૧૬,જેએફ-૧૭ અને મિરાજ-૩ લડાકુ વિમાન ઉતાર્યા

*ઈસ્લામાબાદ,તા.૧૦*

પાકિસ્તાને અચાનક નિયંત્રણ રેખા પર લડાકુ વિમાનોની ગતિવિધિઓ વધારી દીધી છે. નિયંત્રણ રેખા પર પોતાની સરહદમાં પાકિસ્તાનના એફ -૧૬, જેએફ -૧૭ અને મિરાજ-૩ ઉડાન ભરી રહ્યા છે. આ માહિતી મીડિયાના સૂત્રો દ્વારા મળી છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં હંદવાડામાં આતંકવાદીઓ સાથેના એક્રાઉન્ટરમાં કર્નલ આશુતોષ શર્માની શહાદત બાદ પાકિસ્તાન ગભરાઈ ગયું છે અને તેણે સરહદ પર લડાકુ વિમાનોની ગતિવિધિઓ વધારી દીધી છે. હંદવાડામાં



આતંકવાદીઓ સાથેની અથડામણમાં સૈન્યના ૫ જવાનો શહીદ થયા હતા.

રિપોર્ટ અનુસાર પાકિસ્તાનના એફ -૧૬, જેએફ -૧૭ અને મિરાજ -૩ વિમાન ભારતીય સરહદ રેખા નજીકથી ઉડાન ભરી રહ્યા છે. પાકિસ્તાનની આ હરકતોનેધ્યાનમાં રાખીને ભારતીય સૈન્ય સંપૂર્ણ સજાગ છે અને પાકિસ્તાની એરફોર્સની પ્રત્યેક ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. ભારતીય વાયુસેનાના એરબેઝ પણ સંપૂર્ણપણે એલર્ટ છે. પાકિસ્તાની વિમાનોની અવરજવર પર નજર રાખવા માટે Airborne Warning And Control System (AWACS)નો ઉપયોગ કરી રહ્યું છે.

આપને જણાવી દઈએ કે ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ ભારતે પાકિસ્તાનના એફ -૧૬ લડાકુ વિમાનને તોડી પાડ્યા હતા. ત્યારબાદ પાકિસ્તાને કેટલાંય મહિનાઓ સુધી પોતાના એરસ્પેસ બંધ કરી દીધા હતા.

આપને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસથી આતંકવાદીઓની ગતિવિધિઓ વધી છે. કોરોના ચેપથી થતી સમસ્યાઓ હોવા છતાં, પાકિસ્તાન નિયંત્રણ રેખાની બાજુએ સતત ફાયરિંગ કરી રહ્યું છે. હંદવાડામાં ભારતીય સેના સાથે આતંકવાદીઓની એક્રાઉન્ટર પૂર્વે જ પાકિસ્તાન વિમાન તેના વિસ્તારમાં ઉડાન ભરતું હતું. ભારત પાકિસ્તાનની સંપૂર્ણ ગતિવિધિઓ પર નજર રાખી રહ્યું છે.

# મધ્ય પ્રદેશના નરસિંહપુરમાં ટ્રક પલટી જતા ૫ મજૂરોના મોત, ૧૧ ઈજાગ્રસ્ત

*જબલપુર,તા.૧૦*

મધ્ય પ્રદેશના નરસિંહપુરના એક ગામમાં કાલે રાત્રે એક ટ્રક પલટી જતા પાંચ મજૂરના મોત થયા છે. આ ઉપરાંત ૧૧ મજૂર ઈજાગ્રસ્ત થયા છે તેમાંથી બેની સ્થિતિ ગંભીર છે. ટ્રકમાં બે ડ્રાઈવર અને એક કન્ડેક્ટર સહિત કુલ ૧૮ લોકો સવાર હતા. જેમાંથી ૧૫ હૈદરાબાદમાં મજૂરી કરતા હતા. તમામ મજૂર કેરીથી ભરેલા ટ્રકમાં બેસીને આગ્રા જઈ રહ્યા હતા.

નરસિંહ પુર જિલ્લા કલેક્ટર દીપક સક્સેનાએ જણાવ્યું કે, કેરીથી ભરેલા ટ્રકમાં ૧૮ લોકો સવાર હતા. નરસિંહપુરમાં પાઠા ગામની પાસે ટ્રક પલટી જતા પાંચ લોકોના મોત થઈ ગયા હતા. ત્યાંજ ૧૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

સિવિલ સર્જન અનીતા અગ્રવાલના જણાવ્યા મુજબ, ગંભીર રીતે ઘાયલ થયેલા બે લોકોને જબલપુર રેફર કરાયા છે. જેમાંથી એક માથામાં ગંભીર ઈજા થઈ છે અને બીજાને ફ્રેક્ચર થયું છે. અન્ય ઈજાગ્રસ્તોની હાલત સ્થિર છે. એક મજૂરને શરદી, ખાંસી અને તાવ છે. જેને ધ્યાનમાં રાખીને પાંચ મૃતકો સહિત તમામ ૧૮ લોકોનું સેમ્પલ લેવામાં આવ્યું છે. કોરોનાનો ટેસ્ટ કરવામાં આવશે.

કોરોના સંકટને કારણે દેશવ્યાપી લોકડાઉનનો સૌથી મોટો પ્રભાવ ફક્ત કામદારો પર જોવા મળી રહ્યો છે. કામ કર્યા વગર મજૂરોનું જીવવું મુશ્કેલ બની ગયું છે, તેથી આ પરપ્રાંતિય મજૂરો સેંકડો કિલોમીટરનો પ્રવાસ કરી રહ્યા છે આવી જ એક ઘટના શુક્રવારે બની હતી. જ્યારે મહારાષ્ટ્રનાં કેટલાક મજૂરો મધ્યપ્રદેશ તરફ પગપાળા પ્રવાસ કરી રહ્યા હતા. કામદારો પાટા પર ચાલતા જતા ત્યાં સૂઈ ગયા હતા. જ્યાં એક માલગાડીએ તેમને કચડી નાખ્યા હતા.

### સીડીએસએ હથિયારોની આયાત બંધ કરવા કહ્યું

# સેના વિદેશી હથિયારોને બદલે મેક ઈન ઈન્ડિયા પર વધુ ધ્યાન આપેઃ બિપિન રાવત

*ન્યુ દિલ્હી,તા.૧૦*

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે સેનાઓને આયાત ઘટાડવાની સલાહ આપી છે. તેમણે વિદેશી હથિયારો અને અન્ય સુરક્ષા ઉપકરણો ખરીદવાને બદલે 'મેક ઈન ઈન્ડિયા' પર ધ્યાન આપવા જણાવ્યું હતું.

વધુમાં સેનાઓ અમેરિકા કે અન્ય દેશોને જોઈને નહીં પરંતુ પોતાની જરૂરિયાતના હિસાબથી વસ્તુઓ નક્કી કરે તે જરૂરી છે તેમ પણ કહ્યું હતું. આ રીતે જનરલ રાવતે હથિયારોની ખરીદીમાં ખર્ચાતા રૂપિયાને યોગ્ય રીતે મેનેજ કરીને ભારત પોતાની ડિફેન્સ ઈન્ડસ્ટ્રી તૈયાર કરી શકે છે તેવો ઈશારો કર્યો હતો.

જનરલ રાવતના કહેવા પ્રમાણે આપણે ફક્ત આપણી સરહદોનું રક્ષણ કરીને ત્યાં જ લડવાનું છે, બીજા દેશોની સેનાની જેમ સમગ્ર વિશ્વમાં તૈનાત થવાનું નથી. સાથે જ આપણે ભારતીય સમુદ્રી ક્ષેત્રો પર પણ દબદબો જાળવી રાખવાનો છે માટે આપણી જરૂરિયાતની ખોટી છબિનું સર્જન કરવાને બદલે આયાત ઘટાડવી જોઈએ. ત્રણેય સેનાના પ્રમુખ જનરલ બિપિન રાવતે જણાવ્યું કે, કોરોના વાયરસ મહામારીના કારણે બધા જ લોકો પ્રભાવિત થયા છે. આપણે યથાર્થવાદી બનીને એડજસ્ટ કરવું પડશે. આપણી જરૂરિયાતને સમજીને ઓપરેશનની પ્રાથમિકતાઓ નક્કી કરવી પડશે. હથિયારોની આયાત, તેનો સામાન, જાળવણી વગેરે ખૂબ મોંઘુ થઈ ગયું છે. આમ તેમણે સેનાને વિદેશી હથિયારો પરની નિર્ભરતા ઘટાડવાનો સંકેત કર્યો હતો.

### આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(આઈએમએફ)એ ચેતવણી આપી

# ચીન-અમેરિકા એકબીજા સાથે લડતા રહેશે તો દુનિયા બરબાદી તરફ ધકેલાશે

*ન્યૂયોર્ક,તા.૧૦*

આંતરરાષ્ટ્રિય નાણા ભંડોળ(IMF)એ વૈશ્વિક અર્થતંત્ર સાથે સંકળાયેલા અનુમાનોમાં ઘટાડો કરવાનાં સંકેત આપ્યા છે, IMFએ ચેતવણી જારી કરતા કહ્યું કે જો ચીન અને અમેરિકા આ પ્રકારે જ એકબીજા સાથે લડતા રહેશે તો દુનિયા બરબાદી તરફ ધકેલાઇ જશે. IMFએ અમેરિકા અને ચીનને ફરીથી ટ્રેડ વોરમાં ન પડવાની ચેતવણી આપતા કહ્યું કે, તેનાથી કોવિડ-૧૯ રોગચાળાથી અર્થતંત્રને બચાવવાનાં પ્રયત્નો નબળા પડશે. રોયટર્સનાં જણાવ્યા મુજબ IMFનાં મેનેજીંક ડાયરેક્ટર ક્રિસ્ટીના જ્યોર્જીવા યુરોપિયન યુનિવર્સિટીની એક ઓનલાઇન ઈવેન્ટને સંબોધિત કરી રહ્યા હતાં.



તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૦માં વૈશ્વિક અર્થતંત્રમાં ૩ ટકાનાં ઘટાડાનું અનુમાન લગાવ્યું હતું પરંતુ ઘણા દેશોનાં આર્થિક આંકડા તેનાથી ઓછા આવી રહ્યા છે. ક્રિસ્ટીના જ્યોર્જીવાએ કહ્યું કોઇ તાત્કાલિક મેડિકલ સારવાર ઉપલબ્ધ નહીં હોવાના કારણે કેટલાક દેશોનાં અર્થતંત્રને તેની સામે પહોંચી વળવામાં મુશ્કેલી આવી શકે છે, જો કે કોરોના વાયરસ અંગે ચોક્કસપણે કાંઇ કહીં શકાય તેમ નથી, એટલા માટે આર્થિક પુર્વાનુમાન પર તેની અસર પડી રહી છે.

બીજી તરફ ચીનનાં સરકારી મિડિયાએ શનિવારે કહ્યું કે, રાષ્ટ્રપતિ શી જિનપિંગએ ઉત્તર કોરિયાનાં નેતા કિમ જોંગ ઉનને કોરોના વાયરસ સામે પહોંચી વળવા માટે મદદનો પ્રસ્તાવ આપ્યો છે. તેમણે કહ્યું કે તે ઉત્તર કોરિયાની સ્થિતિ અને ત્યાં રહેનારા લોકોનાં આરોગ્યને લઇને ઘણી ચિંતિત છે, સરકારી ટીવી ચેનલે જણાવ્યું કે આ રોગચાળાને કાબુમાં કરવા માટે ચીનનાં જેવા ઘણા પ્રયત્નો સકારાત્મક પરિણામો આવ્યા છે.

# કોરોના વાયરસને કારણે સર્જાયેલી સ્થિતિ માટે ટ્રમ્પ જવાબદારઃ ઓબામા

*વૉશિંગ્ટન,તા.૧૦*

અમેરિકામાં હાલ કોરોના વાયરસથી ઝઝૂમી રહ્યું છે. પ્રત્યેક દિવસે હજારો લોકો કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવી રહ્યા છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ દેશમાં કોરોનાની સ્થિતિ અંગે વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જવાબદાર ગણાવ્યા છે. બરાક ઓબામાએ કોરોનાની વિરુદ્ધ અમેરિકાની સરકારના વલણને 'અરાજક આપદા' ગણાવ્યું છે.

સામાન્ય રીતે બરાક ઓબામાં ડોલાન્ડ ટ્રમ્પની વિરુદ્ધ કોઈ રાજકીય ટિપ્પણી કરતા નથી. ડોલાન્ડ ટ્રમ્પે અનેક વખત ઓબામા પર પ્રહારો કર્યા છે તેમ છતાં તેમણે તેનો કોઈ જવાબ આપ્યો નથી. કોરોના સામેની લડાઈમાં જરૂરી વસ્તુઓની સપ્લાઈની માટે પણ ડોનાલ્ડ ટ્રમ્પે બરાક ઓબામા અને તેમના કાર્યકાળને દોષિ ગણાવ્યા હતા. મીડિયા રિપોર્ટ મુજબ, બરાક ઓબામાએ શુક્રવારે ઓબામા એલુમીનાઈ એસોસિએશનના ૩૦૦૦ લોકોની સાથે વાતચીત કરી જેમણે ઓબામાના કાર્યકાળમાં કામ કર્યું હતું. આ મીટિંગ ઓબામાએ લોકોને અપીલ કરી હતી કે તેઓ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ડેમોક્રેટ સંભવિત ઉમેદવાર જો બિડનનો સાથે આપે. ઓબામાએ જણાવ્યું કે, આગામી ચૂંટણી દરેક સ્તરે મહત્વની હશે કેમકે આપણે માત્ર એક વ્યક્તિ કે રાજકીય પાર્ટી સામે નથી લડી રહ્યા.

આપણે લાંબા સમય સુધી સ્વાર્થી હોવા, એકબીજાને દુશ્મનની જેમ જોવા અને અરાજક હોવાના ટ્રેન્ડ સામે લડી રહ્યા છે.ઓબામાએ વધુમાં જણાવ્યું કે, આ જ કારણ છે કે આ વૈશ્વિક મહામારીની વિરુદ્ધ આપણો જવાબ એટલો નિરાશાજનક અને ઠંડો છે.

# એર ઈન્ડિયાના પાંચ પાઈલટ્સનો કોરોના ટેસ્ટ પોઝિવિ

*ન્યુ દિલ્હી,તા.૧૦*

વંદે ભારત મિશન હેઠળ એર ઈન્ડિયા દ્વારા વિદેશમાં ફસાયેલા ભારતીયોને વતન પરત લાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે એર ઈન્ડિયાના પાંચ પાઈલટ્સનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો મુજબ એર ઈન્ડિયા હાલમાં વિદેશમાંથી ભારતીયોને વતન લાવવા ફ્લાઈટનું સંચાલન કરી રહી છે. તેઓ પ્રોટોકોલ મુજબ ફ્લાઈટની ઉડાન પહેલા તમામ પાઈલટ્સના કોરોના ટેસ્ટ પણ કરાવી રહી છે. સૂત્રોના મતે રવિવારે એર ઈન્ડિયાના પાંચ પાઈલટ્સના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જો કે આ અંગે એર ઈન્ડિયા પ્રવક્તાએ કોઈ જ માહિતી આપી નથી.

સૂત્રોના મતે પાઈલટ્સના કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યા તેની પાછળ ખામીયુક્ત ટેસ્ટ કિટ પણ જવાબદાર હોવાની સંભાવના છે. આ પાંચેય પાઈલટ્સ બોઈંગ્સ ૭૮૭ પ્લેનનું સંચાલન કરે છે. એર ઈન્ડિયા તરફથી સત્તાવાર કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. એરલાઈનના એક વરિષ્ઠ અધિકારીએ નામ નહીં આપવાની શરત કહ્યું હતું કે આ પાંચેય પાઈલટ્સે છેલ્લા ત્રણ સપ્તાહથી એકપણ ફલાઈટનું સંચાલન કર્યું નથી. છેલ્લે ૨૦ એપ્રિલ પહેલા તેમણે ચીનથી કાર્ગો ફલાઈટ્સનું સંચાલન કર્યું હતું.

એર ઈન્ડિયાના તમામ પાંચેય પાઈલટ્સને લક્ષણો વગરનો (એસિમ્પ્ટોમેટિક) કોરોના હોવાનું જણાયું છે. એર ઈન્ડિયા ફ્લાઈટ ડ્યુટીના ૭૨ કલાક પહેલા તમામ પાઈલટ્સના કોરોના ટેસ્ટ કરે છે જેને પગલે મુંબઈના પાંચ પાઈલટ્સને કોરોના થયો હોવાનું જણાયું હતું.

# સિક્કિમને અડીને આવેલી સરહદ પર ભારત અને ચીનના જવાનો વચ્ચે ઘર્ષણ

*ન્યુ દિલ્હી,તા.૧૦*

સિક્કિમને અડીને આવેલી સરહદ પર ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે ઝપાઝપી થયાના સમાચાર છે. ભારતીય સેનાના સૂત્રોએ કહ્યું કે નોર્થ સિક્કિમ વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઝઘડો થયો છે. બંનેની તરફથી ભારે તણાવ અને બોલાચાલી થઇ છે. આ ઘટનામાં બંને બાજુના સૈનિકોને મામૂલી ઈજા પણ પહોંચી છે. સેનાના સૂત્રોએ કહ્યું કે સરહદ વિવાદના લીધે સૈનિકોની વચ્ચે આવા નાના-મોટા વિવાદ થતા રહે છે. સૂત્રોનું માનીએ તો લાંબા સમય બાદ નોર્થ સિક્કિમ વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે આવો તણાવ જોવા મળ્યો છે. જ્યારે પણ આવો કોઇ વિવાદ થાય છે તો નક્કી પ્રોટોકોલના મતે બંને સેનાઓ તેને ઉકેલી લે છે.

આની પહેલાં ૨૦૧૭મા બંને દેશોની વચ્ચે સિક્કિમ વિસ્તારમાં ભીષણ તણાવ જોવા મળ્યો હતો. ત્યારે આ એટલો વધી ગયો હતો કે ભારતના ટોચના સૈન્ય ઓફિસરોએ કેટલાંય દિવસ સુધી આ વિસ્તારમાં કેમ્પિંગ કર્યું. આ અધિકારીઓમાં ૧૭મા ડિવિઝનના જનરલ ઓફિસર કમાંન્ડિંગ પણ સામેલ હતા.


બંને દેશોના સૈનિકોની વચ્ચે ધક્કામુક્કીની ઘટના બાદ વિદેશ મંત્રાલય અને દિલ્હી સ્થિત સૈન્ય હેડક્વાર્ટર સુધી હલચલ રહી.વાત એમ છે કે ચીના સેના આ વિસ્તારમાં રસ્તો બનાવાનું કામ કરવાની કોશિષ કરી રહ્યું છે. ચીન પહેલાં જ સામરિક દ્રષ્ટિથી ખૂબ જ અગત્યના મનાતા ચુંબી ઘાટી વિસ્તારમાં રસ્તો બનાવી ચૂક્યું છે. જેનું તે વધુ વિસ્તારણ કરવાની કોશિષ કરી રહ્યું છે. આ રસ્તો ભારતના સિલિગુડી કોરિડોર કે કથિત 'ચિકન નેક' વિસ્તારથી અંદાજે પાંચ કિલોમીટર દૂર છે. આ સિલિગુડી કોરિડોરથી ભારતને નોર્થ ઈસ્ટના રાજ્યો સાથે જોડે છે. તેના લીધે ભારતીય સૈનિકો અને ચીની સેનાની વચ્ચે મોટાભાગે ટકરાવ થતો રહે છે. ૨૦૧૭ની સાલમાં પણ ટકરાવની એવી સ્થિતિ સર્જાઇ હતી કે જવાનોને વિવાદાસ્પદ વિસ્તારમાં નિર્માણ કાર્ય કરતા ભારતીય સેનાને રોકી દીધી હતી.

# તાવડી દાંત કાઢે..(ચરિત્રલેખ)

વર્ષા જાની

બા પાછળ વાડામાં ચૂલે રોટલા ઘડતી હોય, ધુમાડો ખૂબ જ થાય તો વાસની ભૂંગળી થી ખૂબ ફૂંક મારે ! તો ય તાપ ન થાય તો વળી પાછી ફેફસા ફૂલી જાય એટલી તાકાત લગાડીને અગ્નિ સળગાવવાનો ભરપૂર પ્રયત્ન કરે, અંતમાં

ઘાસલેટનું ટીપું પાડી અગ્નિદેવતાને મનાવી લે. જાત ઘસીને સન્તાનોના જીવતર ઉજાળવાની અતૂટ ખેવના , ખુદ. મુશ્કેલી વેઠી બે પૈસા બચાવવાની નેમ. લાકડાની કથરોટમાં બાજરાનો લોટ પાણી નાંખી નાખીને એવો તો લોટ મસળે કે દિલની મીઠાશ પણ એમાં ભળી જતી... !



પાંચ ભાંડરડાંમાં હું નાનપણથી જ થોડી વધારે નટખટ ! બાનો પીછો ન છોડું, બધું પૂછ પૂછ કર્યા જ કરું, એકવાર આ રીતે જ બા વાડામાં રોટલા ઘડતી 'તી ત્યારે તાવડીની ધાર પર આગળ નાનીનાની સિરીઝ જેવો દેવતાં ઝગારા માર્યા કરે, મારું ધ્યાન પડ્યું, ને તરત જ બાને પ્રશ્ન કર્યો, " હેં , બા આ તાવડીમાં કેમ લાઈટ લબુક ઝબુક થાય? "

" ઈ તો તાવડી દાંત કાઢે.. છ, તાવડી દાંત કાઢે એટલે કોક મેમાન આવવાના એંધાણ આપે " બાએ રોટલા કરતા કરતા જવાબ આપ્યો.

બાપુજી ગામડામાં માસ્તર,ખરેખર માના સ્તર સુધી જઇને બાળકોમાં ભણતર, ગણતર સાથે સઁસ્કાર સિંચન કરનાર ખરાં શિક્ષક. ગીરમાંઆવેલા આંકોલવાડી ગામથી નોકરીની શરૂઆત કરી..ત્યાંથી બોડીદર નામનું ગામડું જ્યાં અમારા ત્રણ ભાંડરડાંનો જન્મ, પૂરો એક દસકો ત્યાં વિતાવ્યો. એ પછી આમોદ્રા ગામમાં આચાર્ય તરીકે નિમણુંક.. એ ગામનું પણ ઉત્તમ રીતે ઘડતર કર્યું . આમોદ્રા ગામના બાપુજીના વિદ્યાર્થી અને એમના જ હાથ નીચે શિક્ષક તરીકે નોકરી કરનાર જેશીંગ ભાઈ સોલન્કીએ જનની જન્મ ભૂમિ નામનું આમોદ્રા ગામનો ઇતિહાસ આલેખતું પુસ્તક બહાર પાડ્યું છે, એમાં એમણે બાપુજીએ પોતાના ગામ માટે જે ઉત્તમ ફાળો આપ્યો એનો બાપુજીના ફોટા સાથે એમના કાર્યને યાદ કરી સ્મરણાંજલિ આપી છે. બાપુજીની પાસે જીવનઘડતર પામનાર ગામેગામ નાં આવા અસન્ખ્ય શિષ્ય રુપી વીરલાઓ પડ્યા છે કે જેઓના હ્ર્દયમાં આજે પણ પિતાજીની છબી સન્માનથી મઢાઈને જળવાઈ રહી છે. આજે એ સ્વરૂપે બાપુજી જીવન્ત છે. પછી તો છાશવારે ગામડાઓમાં બદલી થયાં કરે ને ઉચાળા ભરી ભરીને ગામડામાં ફર્યા ફર..

બાપુજી ઉત્તમ નિષ્ઠાવાન શિક્ષક, શાળાનો ખુલવાનો સમય સવારે દસ -સાડા દસનો, પણ બન્ધ કેટલા વાગે થાય એ નક્કી જ નહીં.. સાંજપડે ગામના ઠોઠ નિશાળિયાને ભણાવે, ને રાત્રે એ જ નિશાળિયાઓના બાપાઓને ભણાવે. ગામમાં કોઈપણ સપ્તાહ બેસાડે એટલે વક્તાનો ઉતારો આગ્રહ પૂર્વક અમારા ઘરે જ હોય, નાનકડા ગામમાં બ્રાહ્મણનું ઘર લગભગ અમારું જ ! બા પણ હોંશે હોંશે અતિથિની આગતા સ્વાગતા કરે,

બા - બાપુજીના સ્વભાવમાં આભ જમીનનું અંતર, બા એકદમ શાંત ને મિતભાષી, માંજરી આંખો ને વાને ગોરી, જાણે જૂના પિક્ચરની હિરોઈન જોઈ લ્યો ! બાપુજી શિવજી જેવા શ્યામ, સ્વભાવથી થોડા ઉગ્ર . . શાળાએથી ઘરે આવતા જોઈએ કે તરત જ બધા ભાંડરડાં આઘાપાછા... બન્દા તો વરંડામાં રફુચક્કર... ! પણ બા તો બાપુજીનો પડ્યો બોલ ઝીલતી.

બાપુજીની વારંવાર બદલી થવાને કારણે અને ગામડામાં ઘણીવાર ઓછા ધોરણની શાળા હોય, એટલે અમને બધાને શહેરમાં હોસ્ટેલ માં ભણવા મૂકી દીધા. હું તો પાંચમા ધોરણથી અગિયારમાં સુધી હોસ્ટેલમાં જ ભણી. એ સમયમાં શિક્ષકોના પગાર આજના જેટલાં ક્યાં હતા? ટૂંકા પગારની નોકરીમાં જ બધાનું પૂરું કરવાનું, બા પણ સિલાઈ મશીન પર ગામના લોકોના લૂગડાંસાંધી આપીને બે પૈસા કમાઈ ઘરમાં મદદ રુપ થતી, બહારગામ ભણનાર અમને સુખડી, શેકેલા ચણા વગેરેનું ભાથું ખૂટયેખુટ્યું કોઈની સન્ગાથે મોકલાવ્યા જ કરતી ને ચિઠ્ઠીમાં પ્રેરણાદાયક વાત લખીને મોકલતી.

બા ગર્વથી કહેતી " હું પણ શાળાન્ત પાસ છું. મને પણ શિક્ષિકાની નોકરી મળેલી, પણ બાપાએ ન લેવા દીધી, નહીં તો આજે હું પણ... " કહીને બા સપનામાં ખોવાઈ જતી . એ વખતે

દાદાને અમે બાપા કે'તા.

એ જમાનામાં શાળામાં પરિણામ વિદ્યાર્થીઓને પાસ નાપાસ કહી સંભળાવવમાં આવતું. એકવાર એક ગામમાં એવું બન્યું કે સરપંચનો છોકરો નાપાસ થયો, ને સરપંચ આવ્યા બાપુજી પાસે, ક્હે મારાં છોકરાને પાસ કરીને આગલા ધોરણમાં ચડાવી ધો, પણ આ વાત બાપુજીનાં સિદ્ધાંત વિરુદ્ધ હતી. એટલે બાપુજીએ પેલા સરપંચને ના પાડી દીધી, એટલે સરપંચ બોલાચાલી કરી બાપુજીને ધમકી આપીને ગ્યો કે જો જો , માસ્તર, બદલી કરાવીને એવી જગ્યાએ ફેંકાવી દઈશ કે પસ્તાતા રહી જશો. ને ખરેખર એક મહિનામાં બાપુજીની બદલી ગીરના સાવ અંતરિયાળ એવા બેડીયા ગામથી ય ચાર કિમિ. દૂર સોનારીયા ગામમાં કરી નાંખી કે જ્યાં એ વખતે માણસની વસ્તી કરતા જન્ગલી જાનવરની વસ્તી વધુ હતી કદાચ.. ! પણ વાંધો નહીં બાપુજીએ એ ગામની એક બે ધોરણની નિશાળમાં પણ અપાર મુશ્કેલી વેઠી નવ મહિના સુધી નોકરી કરી, પછી ડોળાસાની બાજુમાં આવેલ સીમાસી ગામમાં બદલી થઈ. ડોળાસા ગામમાં રહેવાનું ને સીમાસી સાઇકલ લઈને ભણાવવા જવાનું એ બાપુજીનો નિત્ય ક્રમ બની ગ્યો.

બા બાપુજીના પરગજુ સ્વભાવને કારણે જે ગામમાં જાય ત્યાં બધાના માનીતા થઈ જાય.ડોળાસામાં દાસભાઈ તલાટી, બાપુજીના પરમ સખા, દાસભાઈના પત્ની હીરાબેન ને બાની મિત્રતાનો જોટો ન જડે. એકબીજાને સારો એવો ઘરોબો કેળવાઈ ગયો. એકવાર કાળી ચૌદસનાં દિવસે હીરાબેનને સાંજના સમયે છાણાંના મોઢવા માંથી જીવલેણ સાપ કરડી ગયો, પોતાની પ્રિય સખીને આમ અચાનક ગુમાવ્યાનો વસવસો બાને જીવનભર રહ્યો, દરેક દિવાળીએ બા હીરાબેનને યાદ કરી સ્મરણાંજલિ અચૂક આપતી રહેતી, આ વાતને ચાલીસેક વરસના વ્હાણા વાઈ ગયા છતાં દાસભાઈનાં સન્તાનો સાથે એટલો જ પ્રેમાળ સમ્બન્ધ છે કે હાલની તકે પણ જ્યારે મળે ત્યારે પ્રેમથી આંખો છલકાઈ પડે !

સોરઠનાં કેટકેટલા ગામડામાં બા બાપુજીએ લોકો સાથે સહજીવન ગાળેલું કેટલાય વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કર્યું . કેટલા આંબા વાવેલા એતો બાપુજીની અંતિમ યાત્રા વખતે જ અમને સમજાયું,

સમયનાં પ્રવાહમાં બા બાપુજી ભલે વિલીન થઈ ગયા પણ અમારા જીવનનાં સંસ્કારોની સદ્ધરતા ગળથુંથીમાંથી આપીને અમને અમીર બનાવ્યા. આજે એમની પ્રામાણિકતા ને દિલાવરી કારણે અમે બધા જ ભાંડરડાં ખૂબ સુખી છીએ. બાએ પણ બાપુજીનાં સન્સારની તાવડીમાં તપીને કાયમ તાવડીની માફક દાંત કાઢતા કાઢતા જીવન ઘસી જાણ્યું ને..

વર્ષા જાની. ભાવનગર.( ૧૧ એપ્રિલ , ૨૦૨૦)

# મોદિશાહી : પ્રજા ગુલામી નું પહેલું પગથિયું..

તમને દેશભક્તિના રવાડે ચડાવીને તમારી પાસેથી પૈસા ખંખેરવાના ખેલનો શિકાર અત્યાર સુધી તમે બનતા રહ્યા...

હવે નવી સાયકોલોજીકલ ગેમ શરૂ કરી છે સરકારે

લોકોની અંદર ઠાંસી ઠાંસીને સંસ્કાર ભરી દેવાના

એટલે લોકો વિરોધ કરવાની શક્તિ જ ખોઈ બેસે

સેનાના નામે ચૂંટણી લડો, પોલીસ-ડોક્ટર-સફાઈકર્મી સૌને ભગવાન માનો-મનાવો એટલે સંસ્કારોથી તરબતર થઈને સાચું ખોટું પારખવાની શક્તિ જ લોકો ગુમાવી બેસે.

વિરોધ કરનારને સમાજના દુશ્મન ને અસંસ્કારી ગણાવી દેવાના.

પેટ્રોલ ડીઝલ માં આઝાદી પછીનો અને વિશ્વમાં સૌથી વધારે ટેક્સ તમે ભરો છો.

જ્યાં ૧૨% સર્વિસટેક્સ લાગતો ત્યાં 18% GS ભરો છો.

સરકારી બેંકોમાં ડગલે ને પગલે સર્વિસ ચાર્જ, પેનલ્ટી ઉપર પણ GST.

અને ટ્રાફિકના દંડ ની વાત જ શું કરવી..

આટઆટલા મુદ્દા હોવા છતાં લોકો હજુ ખાસ કંઈ વિરોધ કરતા નથી એ જ તો આ સરકારની સફળતા છે, ગુલામીનું પહેલું પગથિયું ચડવા બદલ સૌને ખૂબ ખૂબ અભિનંદન...

# રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદ ટ્રાયલ ટ્રીટમેન્ટના ખૂબ જ સારા પરિણામો



સમરસ હોસ્ટેલ કોવિદ કેર સેન્ટર અમદાવાદ ખાતે સારવાર લઈ રહેલ ૯૮૫ દર્દીઓ પૈકી ૨૧૩ લોકોએ સાત દિવસની આયુર્વેદ સારવાર થકી રોગ પ્રતિકારક શક્તિ વધારી ૨૦૩ લોકો નેગેટિવ થઈ સાજા થયા

રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદ ટ્રાયલ ટ્રીટમેન્ટના ખૂબ જ સારા પરિણામો

આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડોક્ટર જયંતિ રવિએ જણાવ્યું છે કે કોવિદ ૧૯ના પોઝીટીવ કેસ વાળા લોકોને કોવિદ કેર સેન્ટર ખાતે રાખીને તેમની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદ ટ્રાયલ ટ્રીટમેન્ટના ખૂબ જ સારા પરિણામો મળ્યા છે

તેમણે ઉમેર્યું કે કોવિદ કેર સેન્ટર ખાતે ૯૮૫ દર્દીઓ પૈકી ૨૧૩ લોકો જે કોરોના પોઝિટિવ હતા તેમની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે સાત દિવસની આયુર્વેદ ટ્રાયલ ટ્રીટમેન્ટની સારવાર આપવામાં આવી હતી ત્યારબાદ તેમના ફરીથી રિપોર્ટ કરતા ૨૦૩ લોકોના ટેસ્ટ નેગેટિવ આવ્યા છે અને ૧૦ લોકો એવા છે કે જેઓ એ આવી સારવારનો સાત દિવસનો કોર્સ પૂરો કર્યો નહોતો એટલે તેમને આગળ સારવાર માટે રીફર કરવામાં આવ્યા છે

તેમણે ઉમેર્યું કે લોકોમાં રોગપ્રતિકારક શક્તિ વધે એ માટે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય દ્વારા પણ આયુષ સારવાર માટેની ગાઈડલાઈન નિયત કરાઈ છે તેનો ગુજરાતે શરૂઆતથી જ અમલ કર્યો હતો જેના પરિણામે આ મહત્વની સફળતા મળી છે એટલે સૌ નાગરિકો કે જેઓ આયુષ સારવારમાં રસ ધરાવે છે તેઓ રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આ પદ્ધતિનો અમલ કરે તો ચોક્કસ આપણે સૌ નીરોગી રહીશું તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે એ સીમ્પટોમેટીક દર્દીઓને આયુર્વેદની જે સારવાર આપવામાં આવી છે એમાં સંશમ વટીની બે-બે ગોળી દિવસમાં બે વાર, દશમૂલ કવાથ, પથ્યાદિ કવાથ ૪૦ એમ.એલ., ત્રિકુટ ચૂર્ણ ૨ ગ્રામ, આયુષ ૬૪ એક-એક ગોળી દિવસમાં બે વાર, યષ્ટિમધુ ઘનવટી એક ગોળી દર બે કલાકે ચૂસવા માટે દિવસમાં છ ગોળી આપવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યુ છે.



બનાસ મેડિકલ કૉલેજ કોવિડ હોસ્પિટલમાંથી કોરોનાના વધુ ૪ દર્દીઓ સ્વસ્થ થઈ ઘરે પરત, નિયમાનુસાર રજા અપાઈ. આ સાથે ગઠામણ ગામના બધા જ ૨૧ દર્દીઓ કોરોનામાંથી સાજા થઈ ઘરે પરત ફરતાં ગઠામણ ગામ કોરોના મુક્ત બન્યુ.આમ બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાંથી સાજા થઈ ઘરે પરત જનાર દર્દીઓની કુલ સંખ્યા ૨૯ થયેલ છે.આજ સુધીના કુલ કોવિડ૧૯ પોઝિટિવ દર્દીઓની સંખ્યા બનાસકાંઠા જિલ્લામાં ૮૫ છે.

# દાંતા તાલુકામાં મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા આધારકાર્ડ ઓપરેટરે કરી આત્મા હત્યા

દાંતા તાલુકામાં મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા લલિત તરાલ નામના યુવકે કોઈ અગમ્ય કારણો સર આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથક માં ચકચાર મચી હતી જોકે આ લલિત તરાલ મૂળ દાંતા ના કૂકડી ગામ નો વતની છે ને પ્રેમ પ્રકરણ માં નિષ્ફળ જતા આત્મહત્યા કરી હોવાની બાબતે જોર પકડ્યું છે એટલુજ નહી આ લલિતે આત્મહત્યા પહેલા પોતાને ધમકીઓ મળતી હોવાથી આત્મહત્યા કરી હોવાના મેસેજ પણ વાયરલ કાર્ય હતા ને આત્મહત્યા ના જવાબદારો ને સજા આપવા પણ માંગ કરી છે જોકે આ સમગ્ર મામલે દાંતા પોલીસે અકસ્માતે મોત નો ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક (ગદ્ય) પરિણામ:અહેવાલ : જીજ્ઞા કપુરીયા

વિભાગ : ગદ્ય

શીર્ષક : "કુછ દિન તો.."

"કુછ દિન તો.."

મહાનાયક અમિતાભ જોરશોરથી કહી રહ્યા હતા,

"કુછ દિન તો ગુજારો ગુજરાતમેં."

ભાવના ફળિયું વાળતી જોતી હતી.

"તે હેં મોટા બુન, આ આપણું ગુજરાત એવું તે ચેવું સે કે આવડો મોટો માણહ જાહેરાત કરે?"

અને..

દિયા અતીતમાં સરકી ગઈ.

પહેલેથી વિદેશમાં વસેલી મમ્મી કહેતી કે આપણે મુળ ગુજરાતી.

ઈન્ટરનેટ પર ઈન્ડિઆ વિશે માત્ર આતુરતાથી સર્ચ કરતાં કચ્છના રણોત્સવ વિશે વાંચ્યું અને ભારે રસ પડતાં વિઝા લઈ દિયા આવી પહોંચી.

બે દિવસ ભરપૂર ગુજરાતની સંસ્કૃતિને માણી. મનોમન પરદેશની સુક્કી ઉપરછલ્લી જિંદગી સાથે રણમાંય મીઠી નદી જેવા આવકાર સાથે જીવેલી ચાર દિવસની જિંદગીની સરખામણી થવા લાગી. વીસ દિવસની રજા લઈને આવેલી દિયાને ગુજરાતનો ગૌરવવંતો ઈતિહાસ જાણવાના કોડ જાગ્યા. એણે ગુજરાતને જ કર્મભૂમી બનાવી. હેરિટેજનો દરજ્જો પામેલાં ગુજરાતનાં સ્થળો વિશે ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બનાવીને વિદેશમાં રહેતા ભારતીયોને એ અલભ્ય માહિતી પહોંચાડવા માંડી.

અને આજકાલ કરતાં પાંચ વર્ષ થઈ ગયાં.

મમ્મીને પણ કહી દીધું,

"તું એક વાર ગુજરાતી થઈને આવી જો મા. પરત નહીં જઈ શકે એટલી માયાળુ આ ધરતી છે."

"બુન ચ્યોં ખોવઈ જ્યાં?"

"તારા ગુજરાતમાં.

સફેદ રણ હોય કે સોમનાથનું સ્મરણ, પાટણની વાવ હોય કે અરબી સમુદ્રનો ઘુઘવાટ. આવું તો કંઈકેટલુંય.. કોઈની તાકાત નથી કે આ અમીરાત જોયા પછી ગુજરાતમાંથી બીજે વસવું ગમે."

ભાવના બહુ સમજી નહીં પણ અહોભાવથી અમિતાભ અને બુનની વાત સાંભળી રહી.

-લીના વછરાજાની.-અમદાવાદ

---

શીષેક- 'ગરવી ગુજરાત'

મિત્રો આજે મારે તમને આપણાં ગુજરાત વિશે થોડું કહેવું છે.આપણે ગુજરાતમાં? રહીએ તો છીએ પણ શું ખરેખર આપણે ગુજરાતને જાણીએ છીએ? તો ચાલો આપણે આપણાં ગુજરાત વિશે થોડું જાણીએ.

ભારતની પશ્ચિમે આવેલું ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો ધરાવે છે તો કચ્છનું રણ પણ ધરાવે છે તો ગીરનું જંગલ પણ તો ગુજરાતમાં જ આવેલ? છે.પૂરા એશિયા ખંડમાં સિંહ ફક્ત આ જંગલોમાં જ જોવા મળે છે.

અને યાત્રાધામોની તો વાત જ શું કરવી,દ્વાદશ જ્યોર્તિલિંગમાંનું પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ ગુજરાતને પ્રસિદ્ધ બનાવે છે તો નાગેશ્વર જ્યોર્તિલિંગ પણ અહી જ આવેલ છે.આમ બે બે જ્યોર્તિલિંગથી ગુજરાત સમૃદ્ધ છે.તો દેવભૂમિ દ્વારકા જે સ્થળ શ્રીકૃષ્ણ એ પણ રહેવા માટે પસંદ કર્યુ અને દેહોત્સર્ગ માટે પણ તેમણે ગુજરાત જ પસંદ કર્યું.સોમનાથ પાસે આવેલ ભાલકામાં શ્રીકૃષ્ણ? એક પારધીના બાણે ઘવાયા અને ત્યાં જ તેમણે દેહત્યાગ? કરી તે ભૂમિને તીર્થ બનાવી. તો સતી પાર્વતીનાં અંગોનું જ્યારે છેદન થયું ત્યારે સતીએ પણ ગુજરાતને પોતાનું □દય માન્યું અને તેમનું □દય ગબ્બર પર અંબાજીમાં? સ્થાપિત કર્યુ.આમ અનેક તીર્થસ્થાનો? ધરાવતું ગુજરાત વિશ્વના □દયે વસ્યું છે, અને આ બધામાં આપણો ગરવો ગિરનારતો કેમ ભુલાય જ નહીં.

ગુજરાતતો છે જ સંત શૂરાઓની ભૂમિ.જ્યાં અનેક તીર્થસ્થાનો પર સદીઓથી અવિરતપણે? અન્નક્ષેત્રો ધમધમે છે.તો હમીરસિંહ જેવા રણબંકાઓ કે જેમના'ઘડ ધીંગાણે અને માથા મહાણેની' જેમ જ જ્યાં સુધી ખોળિયામાં પ્રાણ હોય ત્યાં સુધી રણમોરચે ઝઝૂમતા રહ્યાં છે.

રાજપીપળા, વડોદરા, બાલારામ,માંડવી, વાંકાનેર, ગોંડલ જેવાં સ્થળોએ વૈભવી રાજમહેલોનો રજવાડી વારસો છે.જે નેં હિન્દી સિનેજગતે પણ કચકડે કંડાર્યો છે.

અને સાહિત્ય અને સંગીતક્ષેત્રે પણ આપણું ગુજરાત એટલી જ નામના ધરાવે છે.ર.વ.દેસાઇ, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ જેવા લેખકોએ સાંપ્રત સમસ્યાઓ પર વાર્તાઓ લખી આપણને સદીઓ પહેલાંના રિવાજો કુરિવાજોનો પરિચય આપ્યો છે અને સાહિત્યને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડ્યું છે.અને આ બધાં સાહિત્યકારોથી સર્વોપરી સાહિત્યકાર એટલે કવિ શ્રી નર્મદ જેની કવિતા જય જય ગરવી ગુજરાતથી ભાગ્યે જ કોઈ ગુજરાતી અપરિચિત હશે.તો સંગીતક્ષેત્રે હેમુભાઈ ગઢવી, દિવાળીબેન ભીલ પૂરૂષોતમભાઇ ઉપાધ્યાય , અવિનાશભાઈ વ્યાસ જેવા ગાયકો અને સંગીતકાર પણ આપણાં ગુજરાતનાં જ

તો વિશ્વનાં સૌથી મોટા ઉધોગપતિઓમાં જેની ગણના થાય છે તે ધીરુભાઈ અંબાણી પણ ગુજરાતનાં જ પુત્ર.

ગુજરાતમાં બાર ગાઉએ બોલી ભલે બદલાય પણ તહેવારોની રંગતતો આખા ગુજરાતમાં એકસરખી જ હોય છે, તેમાં પણ ભક્તિ અને શક્તિનો તહેવાર એટલે નવરાત્રિ ,નવ નવ દિવસ ચાલે તેવો તહેવાર ફક્ત આપણાં ગુજરાત પાસે જ??? છે,અને એ નવ દિવસ મધરાત સુધી ગરબા રમવાનો ઉત્સાહ પણ ફક્ત ગુજરાતી પાસે જ??? છે.

ગુજરાત તેની ભરતકળા , મોતીકળા જેવી અનેક હસ્તકલાઓથી ભરેલું છે.

ગુજરાતનાં બે વિરલા એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેમણે ગુજરાતમાં જન્મ લઇ પોરબંદર અને કરમસદની ભૂમિને પાવન કરી છે.

અમદાવાદમાં? સાબરમતી નદીનાં કિનારે આવેલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો સત્યાગ્રહ આશ્રમ અને નર્મદાનાં સરદાર સરોવર બંધ સામે આવેલ દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા એટલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ગુજરાતનાં મુગટમાં મોરપીછની શોભા સમાન છે

ગૂજરાત વિશે જેટલું લખીએ તેટલું ઓછું પડે આતો ગાગરમાં સાગર સમાવવા જેવું છે.

આવા ગૌરવવંતા આપણા ગુજરાત પર આપણને ગર્વ હોવો જ જોઇએ જય જય ગરવી ગુજરાત?

-:મેઘલ ઉપાધ્યાય રાજકોટ

---

શીર્ષક-"નારદજીએ કર્યા ગુજરાતના વખાણ."

નારદજી- નારાયણ ....નારાયણ....

ભગવાન વિષ્ણુ- "ક્યાં ચાલ્યા મુનિવર?"

નારદજી-ગુજરાત યાત્રા પર.....

ભગવાન વિષ્ણુ- એવું તેં શુ છે,ગુજરાતમાં?"ન્યુઝ ઓફ ગાંધીનગર"ના ગ્રુપમાં પણ ગરવી ગુજરાતનો ટાસ્ક આપ્યો છે. મુનિવર! જરા વિસ્તાર સાથે સમજાવો ગુજરાત વિશે.

નારદજી-"પ્રભુ તમને આજે અહીં બેઠા ગુજરાતની સફર કરાવું."

સૌથી પહેલાં ગુજરાતના લોકો કેવા હોય એ કહું,"ભોળા,મહેનતુ,આનંદી ને સાહસિક અને ખાણી ..પીણી.. ના ભારે શોખીન.ખવડાવીને રાજી થાય.સવાર પડે ને ગાંઠિયા,જલેબી જોઈએ.થેપલાં ,ઢોકળાં,મીઠાઈ, ફરસાણ તેમજ જાત જાતના સંભારા,ચટણી,પાપડ,અથાણાં અને દહીં છાશ વગર તેનું ભોજન જાણે અધૂરું. જમીને ઉપરથી પાન તેમજ સોડા તો જોઈએ જ હો.."

ભગવાન વિષ્ણુ- ઓહો! મુનિવર ત્યાંના કલાકારો અને સાહિત્ય ક્ષેત્રે?

નારદજી- પ્રભુ! ગુજરાતના કલાકારોની તો વાત કરીએ એટલી ઓછી. ગંગા સતી,પાનબાઈ,મીરાંબાઈ,નરસિંહ મહેતા,દિવાળીબેન,કીર્તિદાન,અવિનાશ વ્યાસ,મલ્લિકા સારાભાઈ અને સાહિત્યમાં પણ

ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી,નર્મદ, જ્યોતીન્દ્ર દવે,કુન્દનિકા કાપડિયા જેવા અનેક.

ભગવાન વિષ્ણુ-મુનિવર, લોકો ઉત્સવ પ્રિય ખરાં કે નહીં?

નારદજી- પ્રભુ! અહીં લોકોને ઉત્સવ મનાવતા જોવા એ પણ એક લ્હાવો છે. દિવાળી,હોળી,ને નવરાત્રી તો જાણે પ્રિય તહેવાર, ફાલ્ગુની પાઠકના તાલે એકવાર માં લક્ષ્મીજી રમે તો સ્વર્ગલોકમાં પાછું આવવાની ના પાડી દે.

ભગવાન વિષ્ણુ-"મુનિવર, તમને આ બધી માહિતી કઈ રીતે મળી?"

નારદજી:(મોબાઈલ કાઢીને) પ્રભુ,પૃથ્વીલોકના મનુષ્યો આ યંત્ર પાછળ બહુ પાગલ થયાં છે. બધી માહિતી આ યંત્ર દ્વારા મેળવી શકાય.

ભગવાન વિષ્ણુ- "મુનિવર,હવે તો માતા લક્ષ્મી સાથે ગુજરાત તરફ પ્રયાણ કરવું જ પડશે,પણ એ પહેલાં મારા માટે આ યંત્ર લાવવાનું ના ભૂલશો."

નારાયણ...નારાયણ.. કરતા નારદજી ત્યાં થી સ્વર્ગના બીજા દેવતા પાસે ગુજરાતના વખાણ કરવા નીકળી પડ્યા.

પૂજા(અલકા)કાનાણી.મીઠાપુર.

### મોડાસા શહેર ૧૭ મે સુધી સંપૂર્ણ લોકડાઉન

# અરવલ્લીમાં કોરોનાની રફ્તાર યથાવત વધુ ૨ લોકો કોરોનાગ્રસ્ત આંકડો ૭૪ પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે ધનસુરા તાલુકાના જૂની શિણોલ ગામની ૪૮ વર્ષીય મહિલા અને રામોસ ગામના ૧૪ વર્ષીય કિશોરનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા જીલ્લામાં કોરોનાના પોઝેટીવ દર્દીઓનો આંક ૭૪ પર પહોંચ્યો હતો કોરોના પોઝેટીવ બંને દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે મોડાસા શહેરમાં ૨૪ લોકો કોરોનાથી સંક્રમિત બનતા અને મોટા ભાગના કેસ લોકલ ટ્રાન્સમિશન્સના હોવાનું બહાર આવતા જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે ૧૭ મે સુધી આવશ્યક ચીજ વસ્તુઓની દુકાન ચાલુ રહેશે બેંક સહીત તમામ ધંધા-રોજગાર બંધ રહેશેનું જાહેરનામું બહાર પાડ્યું છે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા કંટેનમેન્ટ વિસ્તારની મુલાકાત લીધી હતી નગરમાં લોકલ સંક્રમણનો ખતરો વર્તાતાં તંત્ર એલર્ટ કરાયું છે. અને તકેદારીના સંપૂર્ણ પગલાં જિલ્લા કલેકટરના આદેશથી ભરવામાં આવી રહયા છે.



અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસો દિન પ્રતિદિન વધારો જોવા મળી રહયો છે.શનિવારે ધનસુરા તાલુકાના બિલવણીયા ગામનો અમદાવાદ થી આવેલા ૫૦ વર્ષિય આધેડ અને પુનાથી વડાગામ આવેલ ૪૬ વર્ષિય મહિલાનો કોરોનાનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યાના ૨૪ કલાકમાં અમદાવાદથી શિણોલ આવેલ ૪૮ વર્ષીય મહિલા અને ધંધુકા થી વાયા અમદાવાદ થઈ રમોસ ગામે પહોંચેલા ૧૪ વર્ષીય કિશોર કોરોનાગ્રસ્ત બનતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.

ધનસુરા સહિત તાલુકામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૫ પર પહોંચતા લોકોમાં ભય પ્રવર્તી રહ્યો છે કોરોના પોઝેટીવ બંને દર્દીઓને સારવાર અર્થે વાત્રક કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા

આરોગ્ય વિભાગની ટીમો એ ગામમાં સર્વે ની કામગીરી હાથ ધરી ઈસમના પરિવાર ના સભ્યોને હોમ કોરોન્ટાઈન કરી ૩ કીમી એરીયાને સીલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.અને ગામમાં સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી.જોકે ધનસુરા તાલુકામાં નોંધાયેલા પોઝીટીવ કેસો અમદાવાદ થી આવેલા છે.ત્યારે ધનસુરા સહિત તાલુકામાં બહારથી આવતાં લોકો સંક્રમીત થતાં લોકોમાં ચિંતાની લાગણી પ્રસરી રહી છે.

### કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં ૫૦ હજારથી વધુ લોકોએ ઉકાળાનો લાભ લીધો

# અરવલ્લીના ૨૧ કન્ટેન્ટમેન્ટ વિસ્તારોમાં સતત થઈ રહી છે ઉકાળા વિતરણની કામગીરી

સમગ્ર દેશમાં કોરોનાનો વ્યાપ વધતો જઈ રહ્યો છે કેન્દ્રના આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદિક ઔષધીય ઈલાજ પર વધુ ભાર આપી રહ્યા છે. જેને લઈ અરવલ્લી જિલ્લામાં પણ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કામગીરી હાથ ધરવામાં આવી છે.



અરવલ્લી જિલ્લામાં કોરોનાથી સૌથી વધુ ગ્રામિણ વિસ્તારમાં વ્યાપ જોવા મળ્યો છે જેને લઈ જિલ્લામાં ૭૪ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. જેથી આ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. જિલ્લા વહિવટીતંત્ર દ્વારા નિયત કરાયેલા ૨૧ નિયત્રિંત વિસ્તારમાં અત્યાર સુધી ૫૦,૪૧૪ લોકોન આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. જયારે ૫૩૫૨ લોકોન હોમીયો મેડિસિનનો લાભ આપવામાં આવ્યો છે.

કન્ટેન્મેન્ટ વિસ્તાર વાર જોઈએ તો શહેરના ખડાયતા સોસાયટી ૧૦૦, મેઘરજના તરકાવાડામાં ૩૫૦, ભિલોડાના જાબચિતરીયા, કરણપૂર શોભાયડા, સુનોખ સહિતના અન્ય ગામોમા ૬૩૨૫, મોડાસના ખડોદામાં ૩૦૦૦, ટીંટીસરમાં૧૩૦૦, ડુગરવાડામાં ૨૫૦૦, રેલ્લાવાડમાં ૧૮૦૦ આ ઉપરાંત ધનસુરા અને બાયડના અન્ય વિસ્તાર મળી ૫૦ હજારથી વધુ લોકોન ઉકાળાનો લાભ આપવામાં આવ્યો છે.

# અરવલ્લીના મોડાસા, બાયડ અને મેઘરજ માર્કેટયાર્ડ બંધ રહેશે

રાજય સરકાર દ્વારા રવિપાકના વેચાણ માટે ખેડૂતોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને તેમજ તેમના ઉપજનો સારો ભાવ મળી રહે તે માટે ટેકા અને ખુલ્લી હરાજીથી ખરીદી કરવાની તમામ માર્કેટયાર્ડ શરૂ કરવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ છેલ્લા એક સપ્તાહથી અરવલ્લી જિલ્લામાં કોરોનો વ્યાપ વધતા માર્કેટયાર્ડ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાં કોરોનાનો વ્યાપ વધતા જિલ્લામાં અત્યાર સુધી જિલ્લામાં બાયડમાં ૭, ભિલોડામાં ૧૩,મેઘરજમાં ૯, મોડાસાના ૧૭,ધનસુરા ૦૫ મળી ગ્રામ્ય વિસતારના ૫૧ જયારે શહેરના ૨૩ મળી અત્યાર સુધી ૭૪ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે.

જેથી ખેતઉપજનું વેચાણ કરવા આવતા ખેડૂતો મોટાભાગે ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે જેને લઈ કોરોનાનું સંક્રમણ વધવાની શકયતાને લઈ જિલ્લામા મોડાસા, મેઘરજ અને બાયડના ખેતીવાડી ઉતપન્ન બજાર આગામી ૧૭ મે ૨૦૨૦ સુધી સંપૂર્ણ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અને આ તમામ માર્કેટયાર્ડમાં સેનિટાઇઝની પક્રિયા હાથ ધરવામાં આવી છે.

# મોડાસા ટાઉન પોલીસે લીમડા તળાવ પાસેથી ટીઆગો કારમાંથી ૨૬ કિલો સોપારીનો જથ્થો જપ્ત કર્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે સમગ્ર દેશમાં ગત તા.૨૫ માર્ચથી સતત લોકડાઉન ચાલી રહ્યું છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવોમાં તો વધારો થયો છે પરંતુ પાન, મસાલા, સિગારેટના અને સોપારી, તામુકાના ડબ્બાઓના ભાવમાં ત્રણ થી ચાર ગણો વધારો થઈ ગયો છે.મોડાસા શહેરમા બે થી ત્રણ બની બેઠેલા બાતમીદારો લઘુમતી વિસ્તારમાં પાન-મસાલા, ગુટખા, સોપારી વેંચતા નાના-મોટા વેપારીઓની બાતમી આપતા બાતમીદારો સાથે સાંઠગાંઠ ધરાવતા કેટલાક પોલીસ કર્મીઓ વેપારી કે પાનના ગલ્લા ધારક પાસે પહોંચી કાયદાનો ડર બતાવી રૂપિયા ખંખેરી લેતા હોવાની અને બાતમીદારો વેપારી પાસેથી માલ પડાવી લઈ બારોબાર વેપલો કરી તગડો નફો રળી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

મોડાસા શહેરમાં સોપારીનો ગેરકાયદેસર વેપલો મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે રાત પડતાની સાથે અનેક લોકો પોલીસની આંખ નીચે વિવિધ વાહનો મારફતે અરવલ્લી સહીત અન્ય જિલ્લામાં સોપારીનો ગેરકાયદેસર વેપલો કરી રહ્યા છે મોડાસા ટાઉન પોલીસે લીમડા તળાવ નજીકથી બાતમીના આધારે પસાર થતી ટીઆગો કાર (ગાડી.નં-જ્ન ૧૮ મ્ઞ્ઁ ૭૮૦૬ ) ને અટકાવી તલાસી લેતા કારમાંથી સોપારી ટુકડા કી.ગ્રા.૨૬ કી.રૂ.૧૦૪૦૦/- ના જથ્થા સાથે મોહમ્મદ સલીમ મુસાભાઈ બાયડીયા (રહે,ઘાંચીવાડા,મોડાસા) ને દબોચી હતો મોડાસા ટાઉન પોલીસે મોહમ્મદ સલીમ મુસાભાઈ બાયડીયા (રહે,ઘાંચીવાડા,મોડાસા) વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# દાહોદથી વિશેષ ટ્રેનમાં બેસી ૧૧૮૧ પ્રવાસી શ્રમવીરોએ વતનની વાટ પકડી



અભેસિંહ રાવલ

લોકડાઉનમાં દાહોદ ખાતે આશરો લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૦૦ જેટલા બાળકો સહિત કુલ ૧૨૮૧ પરપ્રાંતીયોએ તેમના વતન રવાના કરાયા

લોકડાઉનને કારણે દાહોદમાં ફસાઈ ગયેલા ઉત્તર પ્રદેશના ૧૧૮૧ પ્રવાસી શ્રમવીરોને તેમના ૧૦૦ જેટલા બાળકો સાથે આજે સાંજે ટ્રેનમાં બેસાડી અલીગઢ સુધી રવાના કરવામાં આવ્યા હતા. કોરોના વાયરસ સામેની તકેદારી રાખી આ શ્રમવીરોને રવાના કરવામાં આવ્યા હતા.

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે લોકડાઉનની જાહેરાત બાદ ગુજરાતના વિવિધ પ્રાંતમાંથી શ્રમિકોએ પલાયન કર્યું હતું. આ શ્રમિકો દાહોદ ખાતે આવી ચઢતા સરકારના નિર્દેશો પ્રમાણે અહીં જ રોકી દઈ સાત જેટલા સ્થળોએ આશરો આપવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લામાં બનાવવામાં આવેલા આ સાત શેલ્ટર હોમ્સમાં શ્રમિકોને રાજય સરકાર દ્વારા ભોજન-નાસ્તા સહિતની સુવિધા આપવામાં આવી હતી. આ પરપ્રાંતીયોએ ૫૦ જેટલો દિવસની દાહોદની મહેમાનગતિ માણી હતી. આમ, કેટલાક પોતાના પરિવાર સાથે દાહોદમાં અટવાઈ પડ્યા હતા. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ શ્રમવીરોને કોઈ તકલીફ ના પડે એની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. કલેક્ટર શ્રી વિજય ખરાડી પણ સમયાંતરે આશ્રયસ્થાનની મુલાકાત લઈ સુવિધાની ચકાસણી કરતા રહ્યા હતા. કેન્દ્ર સરકારે લોકડાઉન દરમિયાન શ્રમિકોને તેમના વતન જવા માટેની છૂટછાટ આપતા દાહોદથી પણ રેલ્વે સાથે સંકલન સાધી ખાસ ટ્રેનનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. દાહોદથી અલીગઢ સુધી ખાસ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. તાલુકાના શેલ્ટર હોમમાં રહેલા આ શ્રમવીરોને એસટીની ૪૦ બસો દ્વારા અહીના રેલ્વે સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા. સામાજિક અંતર જળવાઈ તે રીતે તેમને ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા. તમામ પ્રવાસીઓને માસ્ક આપવામાં આવ્યા હતા અને સંબંધિત શેલ્ટર હોમ્સ ખાતે તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ બાબતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખાના શ્રી પી. બી. કુંભાણીએ સંકલન સાધ્યું હતું. કલેક્ટર શ્રી વિજય ખરાડી તથા જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસરે રેલ્વે સ્ટેશનની મુલાકાત લઈ આ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. બાદમાં પ્રવાસીઓને લઈ આ ટ્રેન અલીગઢ જવા માટે રવાના થઈ હતી.

### મોડાસાને વુહાન બનતું અટકાવવા વેપારીઓ અને સંસ્થાઓ મેદાને

# દવા અને દૂધ સિવાય તમામ ધંધા રોજગાર બંધ રાખવા સામેથી તૈયારી બતાવી



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં વાયરસે જાણે અજગરી ભરડો લીધો હોય એમ રોજબરોજ પોઝીટીવ કેસ વધુને વધુ નોંધાઈ રહયા છે.૩૬ કલાકમાં કોરોના વિસ્ફોટ થતા જિલ્લામાં ૫૦ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં માત્ર મોડાસા નગરમા જ ૨૪ પોઝીટીવ દર્દી મળી આવતાં નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરમાં કોરોનાના કહેરથી નગરજનો રીતસરના ફફડી ઉઠ્યા છે શહેરમાં ૧૭ કોરોનાના કેસ લોકલ સંક્રમણના હોવાનું બહાર આવતા શહેરમાં લોકલ ટ્રાન્સમિશનનો ખતરો વધતા કેટલાક રહેણાંક વિસ્તારોમાં લોકોએ પ્રવેશબંધી ફરમાવી દઈ આડશ ઉભી કરી રોડ બંધ કરી દીધા છે ત્યારે મોડાસા શહેરમાં વેપારીઓ અને વિવિધ સંસ્થાઓએ શહેરન વુહાન બનતું અટકાવવા ૧૭ મેં સુધી તમામ ધંધા રોજગાર બંધ રાખવા તૈયારી બતાવી નગરપાલિકા પ્રમુખને સંમતિ પત્ર આપી મોડાસા નગરપાલિકાના માધ્યમથી જીલ્લા કલેક્ટરને જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરી છે . લોકડાઉન-૩ માં મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં આપવામાં આવેલી છૂટછાટમાં લોકો બીનજરૂરી રખડપટ્ટી કરી રહ્યા છે સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાતું નથી લોકો પણ કોરોના સામે સભાન ન હોય તેમ બજારમાં ઉમટી પડતા હોવાની સાથે માસ્ક કે મોઢા પર કપડું બાંધવાનું ફરજીયાત હોવા છતાં લોકો મોઢું ખુલ્લું રાખી ખરીદી કરવા ઉમટતા હોવાથી અને મોડાસા શહેરમાં લોકલ સંક્રમણના કેસમાં વધારો થતા વેપારીઓ,મોડાસા નાગરિક સમિતિ અને વિવિધ સંસ્થાઓએ મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહને સંમતિ પત્ર આપી ૧૧ મેં થી ૧૭ મેં સુધી દવા -દૂધ સિવાય તમામ ધંધા રોજગાર બંધ રાખવા બાંહેધરી આપી સ્વયંભુ બંધ રાખશે અને આ અંગે જિલ્લા કલેક્ટર જાહેરનામું બહાર પાડે તેવી વિંનતી કરી હતી

# કોરોનાનો કહેર વધતા અમદાવાદમાં વધુ ૧૨ હોસ્પીટલો કોવિડ-૧૯ કેર સેન્ટર બનશે

અમદાવાદ,તા.૧૦

અમદાવાદમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. જેમાં દરરોજ સરેરાશ ૨૫૦ જેટલા દર્દીઓનો વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ કોર્પોરેશને ખાનગી હોસ્પિટલોની પણ મદદ લીધી છે અને વધુ ૧૨ ખાનગી હોસ્પિટલોમાં ર્ઝ્રદૃૈઙ્ઘ કેર સેન્ટર ઉભી કરવા મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે ઓર્ડર બહાર પાડ્યો છે. જેમાં નવરંગપુરામાં શ્રેય હોસ્પિટલ, નિધિ હોસ્પિટલ અને સોલાર હોસ્પિટલ પાલડીમાં એમ્સ હોસ્પિટલ, નરોડામાં રૂદ્રાક્ષ હોસ્પિટલ, સૈજપુરમાં કર્ણાવતી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને ઈસનપુરમાં રતન હોસ્પિટલ, વસ્ત્રાલમાં સ્પંદન હોસ્પિટલ, બોપલમાં સરસ્વતી હોસ્પિટલ, ગોપાલ આઈસીયુ એન્ડ ટ્રોમા સેન્ટર અને ગુજરાત કોલેજ વિસ્તારમાં સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલમાં કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરાશે.

અમદાવાદમાં સતત વધી રહેલા કોરોનાના કેસ વચ્ચે એઈમ્સ નવી દિલ્હીના ડાયરેકટર અને વરિષ્ઠ તબીબ ડૉ. રણદીપ ગુલેરીયા અને ડૉ. મનીષ સુનેજાએ અમદાવાદ સિવિલની મુલાકાત લીધી. આ મુલાકાત બાદ તેમણે પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જણાવ્યુ કે, અમદાવાદના તબીબ સાથે કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી. જેમનામાં રોગપ્રતિકારકશક્તિ ઓછી છે તેમને ચેપ લાગવાના ચાન્સ વધારે છે. લક્ષણ દેખાય તો તેમને તુરંત સારવાર કરાવવી જોઈએ. હોસ્પિટલમાં મોડા દાખલ થવાથી દર્દીનું મોત થતું હોય છે. એઈમ્સ ડાયરેક્ટર ડો રણદીપ ગુલેરીયાએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસના સંક્રમણ સામે લડવામાં ગુજરાત સરકારે જે પ્રયાસો કર્યા છે તે સરાહનીય છે.રાજય સરકારે કોરોનાનો મૃત્યુ દર ઘટાડવા સમગ્રતયા ધ્યાન કેન્દ્રિત કર્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. સાથે સાથે અહીંના તબીબો અને અન્ય સંલગ્ન સ્ટાફે ખુબ સરસ રીતે દર્દીઓની સેવા સારવાર કરી છે.

# લીંબડી માંથી પરપ્રાંતીય M.P,UP, મુંબઈ ના મજુરો પોતાના વતન તરફ જવા રવાના

### લીંબડી યાના સેવા ભાવિ સંસ્થા ના અનેક લોકો શ્રમિકો ની મદદ માટે વ્હારે આવ્યા



તંત્ર દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી કે પોતાના વતન તરફ જવા માટે શ્રમિકો રવાના થયા હતાં તેઓ કેટલાક શહેર માંથી પગપાળા નીકળીને લીંબડી શહેર સુધી પહોંચીયા હતા . ત્યારબદ અનેક સેવકો ને જાણ થતાં લીંબડી મામલતદાર ઓફીસ, તેમજ રોડ પર ચેકપોસ્ટ દોડી આવ્યા હતા.

અને પરપ્રાંતીય મજુરોની યાદી તૈયાર કરવામાં આવી હતી જે મુજબ તંત્ર દ્વારા આજે મજુરોને પોતાના વતન સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી રહી હતી જેની તૈયારીમાં MP, UP અને મુંબઈ, જતા મજૂરો નું covid-19 અંતર્ગતનું હેલ્થ સ્ક્રિનિંગ આર.બી એસ.કે ડો. વૈભવ બેલાણી, SI ઘનશ્યામભાઈ ભટ્ટી , ચિરાગભાઈ, દિપાલીબેન ધોરીયા અને કલ્યાણીબેન ANM દ્વારા સ્કીનિગ કરી, હેલ્થ ચેકઅપ કરવામાં આવેલ હતા .

જેમાં ત્યાં ચેક પોઈન્ટ પર હાજર રહેલ લીંબડી પોલીસ કર્મચારીઓ તેમજ પત્રકાર કમલેશભાઈ વસોયા તેમજ અનેક સેવાભાવી સંસ્થા દ્વારા ખૂબ સુંદર સેવા આપેલ અને શ્રમિકો ને પોતાના વતન તરફ જવા માટેની સગવડતા તથા ભોજનની વ્યવસ્થા અને પોતાના વતન મોકલવા માટે મામલતદાર ઓફિસ તરફથી પાસ પણ કાઢી આપવામાં આવ્યા હતા.

સમગ્ર ભારતમાં જયારે કોરોના વાયરસની મહામારી વચ્ચે લોક ડાઉન ચાલી રહ્યું છે .ત્યારે લીંબડી શહેરની અનેક સેવાભાવી સંસ્થા દ્વારા પ્રાઈવેટ વાહન કરીને ૬૩ જેટલા શ્રમિકોને પોતાના વતન મોકલવામાં આવિયા હતા.આ સંજોગોમાં લોક ડાઉનમા પોતાના વતન જવા માટે આતુર બનેલના દ્રશ્યો જોવા મળેલ હતા.

રિપોર્ટર..દિપકસિંહ વાઘેલા..લીંબડી

### કોરોના વાયરસનાં ભયના માહોલ વચ્ચે

# ચોરોના ત્રાસથી અંબાજીના રબારીવાસ ના યુવાઓ રાત્રી જાગી અને જાતે ચોંકી કરવા બન્યા મજબુર

હાલમાં જ્યારે કોરોના વાયરસ નો સંકટ દેશભરમાં ફાટી નીકળ્યો છે ત્યારે લોકોને કોરોના વાયરસ નો ડર તો સતાવી રહ્યો છે પરા સાથે પોતાના ઘરની સુરક્ષા નો ડર પણ સતાવી રહ્યો છે રાજસ્થાન બોર્ડરને અડીને આવેલુ ગુજરાતનું શક્તિપીઠ યાત્રાધામ અંબાજી કે જે ગુજરાતનું નહીં પર વિશ્વનું શક્તિપીઠ તરીકે ગણાય છે ત્યારે યાત્રાધામ અંબાજી ના રબારીવાસ કે જે અંબાજી નો છેવાડાનો વિસ્તાર હોય અને જંગલ વિસ્તારને અડીને આવેલ છે અને આ વિસ્તારમાં અનેક વાર તસ્કરો ત્રાટક્યા હોવાની ઘટનાઓ સામે આવી છે ત્યારે હાલમાં કોરોના વાયરસ ના ખોફ વચ્ચે પણ ત્રણેક વાર આ વિસ્તારમાં ચોરીની ઘટના બની છે ત્યારે આ વિસ્તારના યુવાનો દ્વારા અંબાજી પોલીસ સ્ટેશનમાં અરજી લખીને જાણ કરવામાં આવેલ ત્યારે અંબાજી પોલીસ સ્ટેશનમાંથી યુવાઓને જાણવા મળેલ છે હાલમાં કોરોના વાયરસ ના લીધે સમગ્ર પોલીસ સ્ટાફ કામે લાગેલો હોય તમારા વિસ્તારમાં સ્ટાફ મોકલી શકીશું નહી પણ તમારા વિસ્તારમાં પેટ્રોલિંગ કરવા ગાડી આવશે ત્યારે આ યુવાઓ દ્વારા સ્વૈચ્છિક નિર્ણય કરી અને પોતાની ઘરની સુરક્ષા પોતે કરવા જાગૃત બની અને છેલ્લા એક મહિનાથી રબારીવાસ વિસ્તારના યુવાઓ ની સાથે ઉંમર લાયક પણ આખી રાત ભર જાગી અને પોતાના ઘરની સુરક્ષા કરી રહ્યા છે આં વિસ્તારના યુવાઓ રોજ રાત્રે વીસ જેટલા યુવાઓ ભેગા થઈ ચાર-ચાર ની ટુકડી બનાવી અને ગલી ,શહેરીઓ માં ફરી અને પોતાના ઘરની સહિત વિસ્તારની સુરક્ષા કરી રહ્યા છે.આ યુવાઓ જોડે વાત કરતા યુવાએ જણાવ્યું હતું કે અમને કોરોના વાયરસ નો ડર તો સતાવી રહ્યો જ છે પણ સાથે સાથે અમારા ઘરની સુરક્ષા નો પણ ડર અમને સતાવી રહ્યો છે જો અમે રાત ભર ના જાગીએ તો કયા ટાઈમે કઈ જગ્યા ચોરી થાય તે નક્કી નથી તેથી અમે અમારા વિસ્તારના સૌ યુવાઓ ભેગા મળીને રોજ વીસ જેટલા છોકરા અને આ વિસ્તારના ઉંમર લાઈફ માણસો પણ અમારી સાથે નાઈટ માં જોડાઈ અને અમે સૌ આખી આખી રાત જાગી અને પહેરેદારી કરી રહ્યા છીએ અને અમે છેલ્લા એક મહિનાથી સતત અમારા વિસ્તારની સુરક્ષા માટે જાતેજ પહેરેદારી કરવા મજબૂર બન્યા છીએ..અહેવાલ:- રિતિક સરગરા,અંબાજી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.